# હૈઝ અને નિફાસ વિશે સાહીહ (૬૦) સવાલો

મુહમ્મદ બિન સોલેહ અલ્ ઉષૈમીન

شركاء التنفيذ:

دار الإسلام
جمعية الربوة
رواد الترجمة
المحتوى الإسلامي

يتاح طباعة هذا الإصدار ونشره بأي وسيلة مع الالتزام بالإشارة إلى المصدر وعدم التغيير في النص.

Telephone: +966114454900
ceo@rabwah.sa
P.O.BOX: 29465
RIYADH: 11557
www.islamhouse.com

અલ્લાહના નામથી જે અત્યંત દયાળુ અને કૃપાળુ છે.

# શરૂઆત

દરેક પ્રકારના વખાણ ફક્ત અલ્લાહ માટે જ છે, અને દરૂદ અને સલામતી ઉતરે મુહમ્મદ બિન અબ્દુલ્લાહ પર, તેમના સંતાન અને તેમના સાથીઓ પર, અને તે લોકો પર જે કયામત સુધી તેમના માર્ગ પર ચાલશે, ત્યાર બાદ:

હે મારી મુસલમાન બહેનો ! ઈબાદત વિષે હૈઝના આદેશો બાબતે ઘણા સવાલો આલિમો પાસે આવી રહ્યા હતા, અમે જોયું કે અમે તે સવાલોને એક સંક્ષિપ રૂપમાં એકઠા કરીએ, જે હંમેશા વારંવાર પૂછવામાં આવે છે અને તેમાં કોઈ પ્રકારની સંપૂણ સમજૂતી હોતી નથી.

હે મારી મુસલમાન બહેનો ! અમે તેને એકત્રિત કરવાનું સુનિશ્ચિત કર્યું છે; જે હંમેશા તમારા હાથમાં રહે, અલ્લાહની શરીઅતમાં ફિક્હ (અલ્લાહની શરીઅતની સમજૂતી) મહત્વતાના કારણે, જેથી તે સંપૂણ ઇલમ અને દ્રષ્ટિ સાથે અલ્લાહની ઈબાદત કરી શકે.

ચેતવણી: જેઓ પ્રથમ વખત પુસ્તક બ્રાઉઝ કરે છે તેમને લાગે છે કે કેટલાક પ્રશ્નો વારંવાર આવતા હોય છે, પરંતુ જયારે તે તેમાં ચિંતન મનન કરશે તો તેને ખબર પડશે કે તે જવાબમાં બીજા સવાલના જવાબ કરતા વધુ ઇલમ છે, જેની અમે અવગણના નથી કરી શકતા.આ છે,

અને દરૂદ અને સલામતી ઉતરે આપણા નબી મુહમ્મદ, તેમના સંતાન અને તેમના દરેક સાથીઓ પર.

*

# નમાઝ અને રોઝા વિષે હૈઝના આદેશો

**સ: ૧: જયારે કોઈ સ્ત્રી ફજર પછી તરત જ પાક થઈ જાય, તો શું તે દિવસે તેને ખાવા પીવાથી રુકી જવું જોઈએ કે તેણી તે દિવસનો રોઝો રાખે, અથવા શું આ દિવસ તેના માટે નહીં હોઈ, અથવા તો શું તેણી તે દિવસના રોઝાની કઝા કરશે?**

જ: ૧: જયારે કોઈ સ્ત્રી ફજર થયા પછી પાક થાય તો આલિમો પાસે તેને રુકી જવા બાબતે બે મંતવ્યો છે:

પહેલો મંતવ્ય: તે દિવસે તેના માટે બાકીના સમયમાં પરહેઝ કરવો વાજિબ છે, પરંતુ આ તેનો રોઝો ગણવામાં નહીં આવે, પરંતુ તેના માટે કઝા કરવી જરૂરી છે, અને આ વિખ્યાત મંતવ્ય ઈમામ અહમદ રહ. નો છે.

બીજો મંતવ્ય: કે તે સ્ત્રી માટે તે દિવસે કોઈ પરહેજ કરવાની જરૂર નથી, કારણકે તે દિવસે તેના માટે રોઝો રાખવો સહીહ નથી, કારણકે તે પહેલા હૈઝની સ્થિતિમાં હતી અને તે રોઝા રાખવાવાળાઓ માંથી ન હતી, અને જો ખાવા પીવા થી રુકી જવું યોગ્ય ન હોઈ તો તેના માટે રુકી જવાનો કોઈ ફાયદો નથી, અને આ સમય આ સ્થિતિ માટે યોગ્ય નથી, કારણકે તેણીને દિવસની શરૂઆતમાં રોઝો ન રાખવાનો આદેશ હતો, અને તે સમયે તેના માટે રોઝો રાખવો હરામ હતો, અને શરઈ રોઝો: તે ફજર થી લઇ સુર્યાસ્ત સુધી અલ્લાહની ઈબાદત માટે રોઝો તોડવા વાળી વસ્તુઓથી રુકી જવાનું નામ છે.

અને આ મંતવ્ય -જે તમે જોયો- ખાવા પીવાથી રુકી જવું એ મારી નજીક વધુ સારું છે, અને બંને મંતવ્યોમાં તે દિવસની કઝા કરવી જરૂરી છે.

## સ: ૨: જયારે કોઈ સ્ત્રી હૈઝથી પાક થાય, અને તે ફજર પછી ગુસલ કરે, અને નમાઝ પઢે, અને પોતાનો રોઝો પૂરો કરે, તો શું તેને કઝા કરવી પડશે?

જ: ૨: જયારે કોઈ સ્ત્રી ફજર પહેલા પાક થાય ભલેને એક મિનીટ પહેલા પણ હોઈ, અને તેને પોતાને પાક થવાનો યકીન ન હોઈ, તો જો તે રમજાન મહિનામાં હોઈ તો તેના માટે તે રોઝાની કઝા કરવી પડશે, અને તે દિવસે રોઝો રાખવો સહીહ છે અને તેની કઝા કરવી જરૂરી નથી, કારણકે તે ચુપ છે અને પાક છે, અને તે ફજર સુધી ગુસલ ના કરે તો કોઈ વાંધો નથી, તેવી જ રીતે જયારે કોઈ એક પુરુષ સમાગમ અથવા સ્વપ્નદોષ દ્વારા જુનુબી થઇ જાય, અને સહેરી કરી લે, અને તે ફજર સુધી ગુસલ ન કરે તો તેનો રોઝો સહીહ ગણાશે. અહીંયા હું સ્ત્રીઓને બીજી એક મહત્વની વાત તરફ ઈશારો કરવા માંગું છું કે જયારે તે દિવસે તેમને હૈઝ આવે અને તેણીઓએ તે દિવસે રોઝો રાખ્યો હોઈ, અમુક સ્ત્રીઓનો વિચાર છે કે કે તેમને હૈઝ રોઝો ખોલ્યા પછી ઈશાની નમાઝ પહેલા આવ્યું છે, તો તે દિવસનો રોઝો ગણવામાં નહીં આવે, આ વાતની કોઈ સત્યતા નથી, પરંતુ જો તેણીને હૈઝ સુર્યાસ્ત પછી અથવા તો તેના એક શ્રણ પછી આવે, તો તે દિવસનો તેનો રોઝો પૂરો થશે અને સહીહ ગણાશે.

## સ: 3: શું નિફાસ વાળી સ્ત્રીઓ ચાલીસ દિવસ પહેલા પાક થાય તો તેમના માટે રોઝા રાખવા અને નમાઝ પઢવી જરૂરી છે?

જ: 3: હાં, જયારે કોઈ નિફાસ વાળી સ્ત્રી ચાલીસ દિવસ પહેલા પાક થાય તો તેના માટે જરૂરી છે કે તે રમજાનના રોઝા રાખે અને નમાઝ પણ પડે, અને તેના પતિ માટે જાઈઝ

છે કે તે તેણી સાથે સમાગમ કરી શકે છે, કારણકે તે પાક છે, અને તેને રોઝો રાખવાથી કોઈ વસ્તુ રોકવા વાળી નથી, ન તો નમાઝને રોકવા વાળી કોઈ વસ્તુ છે ના તો સમાગમને.

## સ: ૪: જયારે કોઈ સ્ત્રીને હૈઝ મહિનાના આઠ દિવસે અથવા સાત દિવસે આવતું હોઈ, અને તે હૈઝ તેને એક અથવા બે વખત વધુ આવે છે તો તેના માટે શું આદેશ છે?

જ: જયારે કોઈ સ્ત્રીની આદત મહિનાના છો અથવા સાત દિવસ છે, પરંતુ તેનો સમય લાંબો થઇ જાય છે, અને તે આઠ દિવસ, અથવા નવ દિવસ, અથવા દસ દિવસ અથવા અગિયાર દિવસ થઇ જાય છે , તો તે જ્યાં સુધી પાક ના થાય ત્યાં સુધી તે નમાઝ પઢવાથી અને રોઝો રાખવાથી રૂકી જાય, એટલા માટે કે નબી ﷺ એ હૈઝ માટે કોઈ નક્કી સમયગાળો નક્કી નથી કર્યો, અને અલ્લાહ તઆલા એ કહ્યું: {તેઓ તમને માસિક પિરીયડ બાબતે સવાલ કરે છે, કહી દો કે તે ગંદકી છે} [ અલ્ બકરહ: ૨૨૨], એટલા માટે આ લોહી તેણીને આવતું રહે તો સ્ત્રી તે જ સ્થિતિમાં છે જ્યાં સુધી તે પાક ના થઇ જાય, ફરી તે ગુસલ કરે, ફરી રોઝો રાખે, ફરી બીજા મહિનામાં આવી જ સ્થિતિ હોઈ અને તે સમય ઓછો હોઈ અને તેણી પાક થઇ જાય તો તેણીએ ગુસલ કરી લેવું જોઈએ, ભલેને તે સમય પાછલા મહિના જેવો ન હોઈ.

મહ્ત્વની વાત એ છે કે જ્યાં સુધી સ્ત્રી હૈઝની સ્થિતિમાં હોઈ ત્યાં સુધી તે નમાઝ ન પઢે, ભલેને હૈઝ પહેલાની આદત ઓછું અથવા વધુ હોઈ, અને જયારે તે પાક થઇ જાય તો તે નમાઝ પઢે.

**સ: ૫: શું નિફાસ વાળી સ્ત્રીઓ ચાલીસ દિવસ સુધી નમાઝ પઢવાથી અને રોઝા રાખવાથી રુકી રહેશે, અથવા શું તેના માટે લોહી ન આવવું જરૂરી છે, તો કયારે તેનો સમયગાળો પૂરો થશે અને પાક થશે અને નમાઝ પઢશે? અને પાક થવા માટેની ઓછામાં ઓછો સમયગાળો કેટલો છે?**

જ: ૫: નિફાસ માટે કોઈ સમય નક્કી નથી, પરંતુ જ્યાં સુધી તેને લોહી આવતું રહે તે બેસી રહે, ન તો નમાઝ પઢે ન તો રોઝો રાખે ન તો તોનો પતિ તેની સાથે સમાગમ કરે.

અને જો તે પાકીને ચાલીસ દિવસ પહેલા જોઈ લે, તે દસ દિવસ કે પંદર દિવસ બેસી ન રહે, પરંતુ તે નમાઝ પઢે, રોઝા રાખે અને તેનો પતિ તેની સાથે સમાગમ કરે તો તો તેના પર કોઈ વાંધો નથી.

મહત્વની વાત એ છે કે નિફાસ એક ચોખ્ખી બાબત છે, અને તેને હોવા પર અને ન હોવા પર આદેશો લાગુ પડે છે, જેથી જો નિફાસ હોઈ તો તેના આદેશોની પુષ્ટિ થઇ જશે અને જો તે પાક થઇ જાય તો તે આદેશો લાગુ નહીં પડે.

પરંતુ જો તે સાહીઠ (૬૦) દિવસો કરતા વધુ થઇ જાય તો તે ઇસ્તિહાઝાનું લોહી છે, તો તેણી ત્યાં સુધી રુકી રહેશે જ્યાં સુધી તેને હૈઝ આવે, ફરી તે ગુસલ કરશે અને નમાઝ પઢશે.

**સ: ૬: જો કોઈ સ્ત્રી રમજાન મહિનામાં દિવસે લોહીના ટીપાં જુઓ અને આ લોહી રમજાન મહિનામાં રોઝાની સ્થિતિમાં આવતા રહે તો તેના માટે શું આદેશ છે?**

જ: ૬: હાં, તેનો રોઝો સહીહ ગણાશે, જ્યાં સુધી આ ટીપાંની વાત છે તો તેની કોઈ ગણતરી જ નથી, કારણકે તે એક રગ માંથી નીકળતું લોહી છે, અને અલી રઝી. દ્વારા વર્ણન કરવામાં આવ્યું છ કે આ ટીપાં જે નાક માંથી થતા રક્તસ્રાવ જેવા હોઈ છે તે હૈઝ નથી.

## સ: ૭: હૈઝ અથવા નિફાસ વાળી સ્ત્રી જો ફજર પહેલા પાક થઇ જાય અને તે ફજર પછી ગુસલ કરે, તો શું તેણીનો રોઝો સહીહ ગણાશે?

જ: ૭: હાં, હૈઝ અને એવી જ રીતે નિફાસ વાળી સ્ત્રી જો ફજર પહેલા પાક થઇ જાય, પરંતુ સુર્યાસ્ત (ફજર) પછી ગુસલ કરીલે તો તેનો રોઝો સહીહ ગણાશે, કારણકે જે સમયે તે પાક થઇ જશે તે રોઝો રાખી શક્તિ હતી અને તેનું ઉદાહરણ તે પુરુષ જેવું છે જે સૂર્યાસ્ત વખતે જનાબત (નાપાકી) ની સ્થિતિમાં હતો, તો તેનો રોઝો સહીહ ગણાશે; કારણકે અલ્લાહ તઆલા એ કહ્યું: {હવે તમે તેણીઓ સાથે સમાગમ કરી શકો છો અને જે કંઈ અલ્લાહ તઆલાએ તમારા માટે લખીને રાખ્યું છે તેને તલબ કરો, અને ફજરના સમય સુધી જ્યાં સુધી સફેદ દોરો કાળા દોરા દ્વારા જાહેર ન થઈ જાય તમે ખાઇ-પી શકો છો} [ અલ્ બકરહ: ૧૮૭], તો જયારે અલ્લાહ તઆલા એ ફજર સુધી સમાગમ કરવાની પરવાનગી આપી છે તેનો અર્થ એ છે કે ગુસલ ફજર પછી જ કરશે, આયશા રઝી. ની હદીષ છે કે નબી ﷺ પોતાની પવિત્ર પત્નીઓ સાથે સમાગમ કરતા અને જનાબત (નાપાકી) ની સ્થિતિમાં સવાર કરતા, જેવું કે આપ ﷺ રોઝાની સ્થિતિમાં હોતા, અર્થાત્ નબી ﷺ જનાબત (નાપાકી) નું ગુસલ ફજર પછી કરતા હતા.

**સ: ૮: સ્ત્રી જયારે લોહી હોવાનો અથવા હૈઝની તકલીફનો આભાસ કરે, અને તેણીને સુર્યાસ્ત સુધી તેને લોહી ન આવે, તો શું તેણીનો રોઝો સહીહ ગમશે અથવા શું તેને કઝા કરવી પડશે?**

જ: ૮: જો કોઈ પાક સ્ત્રી રોઝાની સ્થિતિમાં હૈઝ આવવાનો આભાસ કરે, પરંતુ તેને સુર્યાસ્ત પછી હૈઝ આવે, તો તેણીનો તે દિવસનો રોઝો સહીહ ગણાશે, જો તે કોઈ ફર્ઝ રોઝો હશે તો તેની કઝા કરવી જરૂરી નથી, અને જો નફિલ રોઝો હશે કે તો તેના સવાબમાં કોઈ કમી કરવામાં નહીં આવે.

**સ: ૯: સ્ત્રી લોહી જુએ, પરંતુ તે કોઈ નક્કી નિર્ણય ના કરી શકે કે તે લોહી હૈઝનું છે કે નહીં, તો તે દિવસનો રોઝાનો શું આદેશ છે?**

જ: ૯: વર્ણવેલ સ્થિતિમાં તે દિવસનો રોઝો સહીહ ગણાશે, કારણકે હૈઝ ન હોવું જ અસલ છે, અહીં સુધી કે તેને હૈઝ આવવાનો સંપૂણ યકીન ન થઇ જાય.

**સ: ૧૦: કેટલીક વાર સ્ત્રી દિવસના અલગ અલગ સમયે લોહીના સામાન્ય કણો અથવા લોહીના ટીપાં જુએ છે, તો આવું તે હૈઝના દિવસોમાં જુએ છે, જયારે કે અભી હૈઝના દિવસો શરૂ નથી થયા, અને ક્યારેક હૈઝ સિવાયના દિવસોમાં જુએ છે, સવાલ એ છે કે વર્ણવેલ બંને સ્થિતિમાં તેના રોઝાનો આદેશ શું છે?**

જ: ૧૦: લગભગ અમે આ પ્રકારના સવાલનો જવાબ આપી ચુક્યા છે, પરંતુ સવાલનો એક ભાગ બાકી રહી ગયો છે, તે એ કે લોહીના ટીપાં હૈઝના દિવસોમાં કુએ તો તેને હૈઝ સમજે જો તેને તે ઓળખી સકતી હોઈ તો તેનો આદેશ હૈઝના આદેશો મુજબ થશે.

## સ: ૧૧: શું હૈઝ અને નિફાસવાળી સ્ત્રી રમજાન મહિનામાં દિવસે ખાઈ- પી શકે છે?

જ ૧૧: હાં, હૈઝ અને નિફાસ વાળી સ્ત્રી રમજાન મહિનામાં દિવસે ખાઈ - પી શકે છે, પરંતુ સારું એ છે કે જો ઘરમાં બાળકો હોઈ તો સંતાઈને ખાઈ, જેથી બાળકોને કોઈ શંકા ના થાય.

## સ: ૧૨: હૈઝ અને નિફાસ વાળી સ્ત્રી જો અસરના સમયે પાક થાય, તો શું તેને અસરની નમાઝ સાથે ઝોહરની નમાઝ પણ પઢવી પડશે, અથવા તો શું ફક્ત અસરની નમાઝ પઢશે?

જ: ૧૨: આ મસઅલા માં સત્ય વાત એ છે કે તે સ્ત્રી ફક્ત અસરની નમાઝ પઢશે, કારણકે આ સ્થિતિમાં સ્ત્રી માટે નમાઝ પઢવાની કોઈ દલીલ મળતી નથી, અને દલીલ ન હોવી જ પુરાવો છે, અને બીજી વાત એ છે નબી ﷺ એ કહ્યું: «જે વ્યક્તિએ અસરની નમાઝ સુર્યાસ્ત પહેલા પામી લેશે તો તેણે અસરનો સમય મેળવી લીધો» આ હદીષમાં નબી ﷺ એ એવું નથી કહ્યું કે તેણે ઝોહરની નમાઝ પણ મેળવી લીધી, પરંતુ જો તે સ્થિતિમાં ઝોહરની નમાઝ વાજિબ હોત તે નબી ﷺ જરૂર તેના વિષે કહેતા, વર્ણવેલ સ્થતિમાં સ્ત્રી માટે ઝોહરની નમાઝ વાજિબ ના થવાનું એક કારણ એ પણ છે કે જો સ્ત્રીને ઝોહરના સમયે હૈઝ આવે તો તેના માટે ફક્ત ઝોહરની નમાઝની કઝા કરવી પડશે, અસરની નમાઝની નહીં, પરંતુ ઝોહર અને અસર બંનેને એકઠી કરી લેવામાં આવે છે, તો આ સ્થિતિમાં અને સવાલમાં વર્ણવેલ સ્થિતિમાં કોઈ ફર્ક નથી.

જેથી અમુક હદીષો અને કિયાસ પ્રમાણે આ સ્થિતિમાં સ્ત્રી માટે ફક્ત અસરની નમાઝ પઢવી જરૂરી છે, તેવી જ રીતે જો તે ઈશાની નમાઝ પહેલા પાક થઇ જાય તો તેને ફક્ત ઈશાની નમાઝ પઢવી પાડશ, મગરીબની નહીં.

**સ: ૧૩: અમુક સ્ત્રીઓનું ગર્ભપાત થઇ જાય છે, તો તેણીના બે પ્રકાર હોઈ છે, અથવા તો ગર્ભપાત ગર્ભની રચના પહેલા થઇ જાય છે, અથવા તો ગર્ભ તેના સંપૂણ સર્જન અને રચના પછી થાય છે, હવે સવાલ એ છે કે જે દિવસે ગર્ભપાત થાય તો તે દિવસે રોઝાનો શું આદેશ છે? અને આ દિવસોમાં રોઝો રાખવાના શું આદેશો છે જેમાં તે લોહી જુએ છે?**

જ: ૧૩: જો બાળકની રચના ના થઇ હોઈ તો આવતું લોહી નિફ઼ાસનું લોહી નહીં હોઈ, જેથી તે સ્ત્રી નમાઝ પડશે અને રોઝા પણ રાખશે અને તેનો રોઝો સહીહ ગણાશે.

અને જો બાળકની રચના થઇ ગઈ હોઈ તો તે લોહી નિફ઼ાસ નું લોહી ગણાશે, જેથી આ સ્થિતિમાં તેના માટે નમાઝ પઢવી અને રોઝા રાખવા સહીહ નહીં ગણાય.

આ મસઅલામાં નિયમ એ છે કે જો બાળકની રચના થઇ ચુકી હોઈ તો ગર્ભપાત પછી આવતું લોહી નિફ઼ાસનું લોહી હશે, અને આ સ્થિતિમાં તેના માટે તે બધું હરામ થઇ જશે જે એક નિફ઼ાસ વાળી સ્ત્રી માટે હરામ થઇ જાય છે, અને જો બાળકની રચના ના થઇ હોઈ તો તે લોહી નિફ઼ાસનું લોહી નહીં હોઈ', જેથી નિફ઼ાસ વાળી સ્ત્રી પર જે બાબતો હરામ થાય છે તે તેના પર હરામ નહીં થાય.

**સ: ૧૪: ગર્ભવતી સ્ત્રીને જો રમજાનના મહિનામાં લોહી આવે તો શું આ લોહી વડે તેના રોઝા પર કોઈ અસર પડશે?**

જ: ૧૪: જો સ્ત્રી રોઝોની સ્થિતિમાં હોઈ અને તેને હૈઝનું લોહી આવી જાય તો તેનો રોઝો તૂટી જશે, કારણકે નબી ﷺ એ કહ્યું: «શું એવું નથી કે તે માસિક વખતે ન તો નમાઝ પઢે છે અને ન તો રોઝા રાખે છે?» જેથી હૈઝને રોઝા તોડવા વાળી બાબતોમાં ગણવામાં આવે છે, અને નિફ્રાસનો પણ આ જ આદેશ છે, જેથી હૈઝ અને નિફ્રાસનું લોહી આવી જવાથી રોઝો તૂટી જાય છે.

રહી વાત ગર્ભવતી મહિલાની કે તેને રમજાનના મહિનામાં દિવસે લોહી આવે, અને જો તે હૈઝ છે તો તેનો આદેશ પણ તેન સ્ત્રીનો છે જે જે ગર્ભ વગરની હૈઝ વાળી છે, અર્થાત્ તેનો તૂટી જશે, અને જો હૈઝનું લોહી નથી તો તેના રોઝા પર કોઈ ફર્ક નહીં પડે,

ગર્ભવતી મહિલાને હૈઝ આવી શકે છે જો તેને ગર્ભની શરૂઆતમાં લોહી આવવાનું બંધ ના થઇ હોઈ, પરંતુ તેને તેની આદત પ્રમાણે આવતું રહે, તો સાચા મંતવ્ય પ્રમાણે તે હૈઝનું લોહી છે અને તેના પર હૈઝના આદેશો લાગુ પડશે.

પરંતુ જો તેને લોહી આવવાનું બંધ થઇ ગઈ હોઈ, ફરી તે લોહી જુએ જે હૈઝની ઓળખી શકતું લોહી ન હોઈ, તો તેના રોઝા પર કોઈ અસર નહીં પડે, કારણકે તે હૈઝનું લોહી નથી.

## સ: ૧૫: સ્ત્રી હૈઝની આદત પ્રમાણેના દિવસો માંથી એક દિવસ લોહી જુએ, અને તેના બીજા દિવસે સંપૂણ દિવસ લોહી ન આવે, તો તેણીએ શું કરવું જોઈએ?

જ: ૧૫: આ બાબતમાં સ્પષ્ટ એ છે કે તે સ્ત્રી એ પોતાના હૈઝના દિવસોમાં જે પાકી જોઈ અથવા સુકા પણું જોઈ હતું તે હૈઝ પ્રમાણે હતું, જેથી તે તેની પાકી નહીં ગણવામાં આવે, અને તે તે બાબતો થી સચેત રહેશે જે બાબતોથી એક હૈઝ વાળી સ્ત્રી સચેત રહે છે. પરંતુ

કેટલાક આલિમો કહે છે: જે સ્ત્રી એક દિવસે લોહી જુએ અને બીજા દિવસે ન જુએ, તો તે લોહી હૈઝ ગણાશે, અને જે દિવસે લોહી ન આવે તે તેની પાકી ગણવામાં આવેશે, અહીં સિધી કે પંદર દિવસ થઇ જાય, પંદર દિવસ પછી તે ઇસ્તિહાઝાનું લોહી ગણવામાં આવશે, ઈમામ અહમદ બિન હમ્બલ રહ.નો વિખ્યાત મંતવ્ય આ પ્રમાણે જ છે.

**સ: ૧૬: હૈઝના છેલ્લા દિવસોમાં સ્ત્રીને કોઈ લોહી જોવા નથી મળતું તો શું તે દિવસે તે રોઝો રાખી શકે છે, જયારે કે તેણે હજુ સુધી સફેદ પાણી જોયું નથી? અથવા તેણીએ શું કરવું જોઈએ?**

જ: ૧૬: જો વર્ણવેલ સ્થિતિમાં સ્ત્રીની આદત તે હોઈ કે તે હૈઝ પછી સફેદ પાણી નથી જોતી, જેવું કે અમુક સ્ત્રીઓમાં આ વાત જોવા મળે છે, તો તે રોઝો રાખશે, પરંતુ જો તેની આદત એ હોઈ કે તે હૈઝ પછી સફેદ પાણી જુએ છે, તો જ્યાં સુધી તે સફેદ પાણી ન જોઈ લે ત્યાં સુધી તે રોઝા નથી રાખી શક્તિ.

**સ: ૧૭: હૈઝ વાળી અને નિફાસ વાળી સ્ત્રી શું જરૂરત ના સમયે અર્થાત્ જો તે કોઈ વિદ્યાર્થીની હોઈ કે શિક્ષિકા હોઈ તો જોઇને અથવા મોઢેથી કુરઆનની તિલાવત કરી શકે છે?**

જ: ૧૭: જરૂરત ના સમયે હૈઝ વાળી સ્ત્રી અને નિફાસ વાળી સ્ત્રી, ઉદાહરણ તરીકે વિદ્યાર્થીની કે શિક્ષિકા રાત્રે અથવા દિવસે કોઈ પણ સમયે કુરઆન પઢી શકે છે અને તેનું પુનરાવર્તન કરી શકે છે.

પરંતુ સવાબની નિયતથી કુરઆનની તિલાવત ના કરવી જ શ્રેષ્ઠ છે; કારણકે કેટલાક આલિમોનો ખયાલ છે કે હૈઝ વાળી સ્ત્રી માટે કુરઆનની તિલાવત કરવી જાઈઝ નથી.

## સ: ૧૮: શું હૈઝ વાળી સ્ત્રી એ કપડાં બદલવા જરૂરી છે? ભલે ને તેમાં લોહી અથવા ગંદકી ના લાગેલી હોઈ?

જ: ૧૮: ના, કપડાં બદલવા જરૂરી નથી, કારણકે હૈઝથી શરીર નાપાક નથી થતું, પરંતુ ફક્ત તે વસ્તુ નાપાક થાય છે જેમાં તે લોહી લાગેલું હોઈ, એટલા માટે નબી ﷺ એ સ્ત્રીઓને આદેશ આપ્યો કે જયારે કપડાંમાં હૈઝનું લોહો લાગી જાય તો તેને ધોઈ લે અને તેમાં નમાઝ ન પઢે.

## સ: ૧૯: એક સ્ત્રી એ નિફાસના કારણે રમજાનના સાત રોઝો નથી રાખી શકી, અને બીજો રમજાન આવવા સુધી તેણીએ તે રોઝાની કઝા પણ નથી કરી, અને બીજા રમજાનમાં પણ તેના સાત રોઝા રહી ગયા, કારણકે તે બાળકને દૂધ પીવડાવી રહી હતી, બીમારીના કારણે તેણીએ તે રોઝાની પણ કઝા ના કરી, અને હવે ત્રીજો રમજાન નજીક છે તો તે સ્ત્રીએ શું કરવું જોઈએ? જવાબ આપીને અમને ફાયદો પહોંચાડો, અલ્લાહ તમને શ્રેષ્ઠ બદલો આપે.

જ: ૧૯: વર્ણવેલ સ્થિતિમાં જો સ્ત્રી સાચે જ બીમાર છે, અને રોઝાની કઝા કરવાની શક્તિ પણ નથી ધરાવતી, તો તે કમજોર હોવાના કારણે જયારે પણ તેની અંદર શક્તિ આવશે તે રોઝાની કઝા કરશે, ભલે ને બીજો રમજાન આવી જાય. પરંતુ જો તેની પાસે કોઈ કારણ નથી, પરંતુ તે બહાના અને આળસના કરે છે, તો તેના માટે જાઈઝ નથી કે એક રમજાનના છુટેલા રોઝાની કઝા બીજા રમજાન સુધી વિલંભ કરે, આયશા રઝી. એ કહ્યું: મારા જે રોઝા બાકી રહી જતા હતા તેની હું શવ્વાલના મહિનામાં કઝા કરી લેતી હતી.

તેથી સ્ત્રી એ પોતાના વિષે વિચાર કરવો જોઈએ, અને જો તેની પાસે કોઈ વાજબી કારણ નથી તે ગુનેગાર છે, અને તેણીએ તૌબા કરવી જોઈએ, અને જે રોઝા બાકી રહી ગયા છે

તેની કઝા કરવી પડશે, અને જો તેની પાસે કોઈ કારણ છે તો રોઝાની કઝા કરવામાં એક થી બે વર્ષ પણ વિલભ થાય તો કોઈ વાંધો નથી.

## સ: ૨૦: અમુક સ્ત્રીઓની સ્થિતિ એવી હોઈ છે કે બીજો રમજાન આવી જાય છે, અને તેઓએ પાછલા છૂટી ગયેલા રોઝાની કઝા પણ નથી કરી હોતી, તો આવી સ્ત્રી માટે શું કરવું વાજિબ છે?

જ: ૨૦: આવી સ્ત્રીઓ પર વાજિબ છે કે તે આ કાર્યથી અલ્લાહ સમક્ષ સાચી તૌબા કરે (અને બીજો રમજાન પૂરો થાય ત્યારે તે રોઝાની કઝા કરે) કારણકે કોઈ યોગ્ય કારણ વગર એક રમજાન મહિનાના છૂટી ગયેલા રોઝા બીજા રમજાન સુધી રોકી રાખવા જાઈઝ નથી, આયશા રઝી. ની હદીષ છે કે: મારા જે રોઝા બાકી રહી જતા હતા તેની હું શવ્વાલના મહિનામાં કઝા કરી લેતી હતી.

આ હદીષ એ વાતનો પુરાવો છે કે એક રમજાનના છૂટી ગયેલા રોઝાની કઝા બીજા રમજાન સુધી રોકી રાખવા શક્ય નથી, જેથી આવી સ્ત્રીઓ માટે જરૂરી છે કે તે પોતાના આ કાર્યથી અલ્લાહ પાસે સાચી તૌબા કરે, અને બીજા રમજાન પછી છોડેલા રોઝાની કઝા કરે.

## સ: ૨૧: જો સ્ત્રી બપોરે, ઉદાહરણ તરીકે એક વાગે સ્ત્રીને હૈઝ આવી જાય, અને હજુ સુધી તેણીએ ઝોહરની નમાઝ નથી પઢી તો, શું તેણે પાક થયા પછી તે નમાઝની કઝા કરવી પડશે?

જ: ૨૧: આ બાબતે આલિમો વચ્ચે મતભેદ જોવા મળે છે, અમુક આલિમો કહે છે કે તે નમાઝની કઝા કરવી વાજિબ નથી, કારણકે તેણે કોઈ આળસ નથી કરી અને ન તે તે

ગુનેગાર છે, કારણકે તેના માટે નમાઝ ને તેના છેલ્લા સમય સુધી મુલતવી કરી શકે છે. પરંતુ બીજા આલિમો કહે છે: કે તેણી પર તે નમાઝની કઝા કરવી જરૂરી છે, કારણકે નબી ﷺ એ કહ્યું: «જેણે નમાઝની એક રકાઅત મેળવી લીધી તો ખરેખર તેણે નમાઝ મેળવી લીધી».

અને તેના માટે સાવધાની એ છે કે તે નમાઝની કઝા કરી લે, કારણકે નમાઝ એક જ છે અને તેમાં કોઈ પરેશાની નથી.

## સ: ૨૨: જોઈ કોઈ ગર્ભવતી સ્ત્રી પ્રસુતિના એક અથવા બે દિવસ પહેલા લોહી જુએ, તો તે કારણે તે નમાઝ અને રોઝા છોડી દે શે?

જ: ૨૨: જયારે કોઈ ગર્ભવતી સ્ત્રી પ્રસુતિના એક અથવા બે દિવસ પહેલા લોહી જુએ અને પ્રસુતિની તકલીફનો આભાસ કરે તો, આ નિફ઼ાસ ગણવામાં આવશે, જેથી સ્ત્રી નમાઝ અને રોઝા છોડી દે શે, પરંતુ લોહી આવવાની સાથે તેને તેને પ્રસુતિનું દુઃખ ન થાય તો, આ લોહી એક નકામું લોહી છે અને તેની કોઈ ગણતરી કરવામાં નહીં આવે, અને ન તો તે આ લોહીના કારણે નમાઝ અને રોઝા છોડશે.

## સ: ૨૩: લોકો સાથે રોઝો રાખવાના કારણે હૈઝને રોકવા વાળી ગોળીઓ વાપરવા વિષે તમારો શું મંતવ્ય છે?

જ: ૨૩: હું આ વિષે સખતી સાથે રોકું છું, કારણકે ડોકટરો દ્વારા મારી પાસે સચોટ પુરાવા સાથે આ વાત પહોંચી છે કે આ ગોળીઓમાં ઘણા નુકસાન છે, જેથી દરેક સ્ત્રીઓને એજ વાત કહેવી છે અલ્લાહ એ જે વાત દરેક સ્ત્રીઓ માટે નક્કી કરી તેના પર સંતુષ્ટ રહે, અને જયારે કોઈ શરઈ કારણ ન હોઈ તો રોઝા રાખો, અને જોઈ કોઈ શરઈ કારણ હોઈ તો અલ્લાહની તકદીર પર રાજી થઇ રોઝો તોડી દો.

## સ: ૨૪: એક સ્ત્રીને પ્રસુતિના બે મહિના પછી,અને પાક થયા પછી, લોહીના નાના નાના ટીપાં આવવા લાગ્યા, તો શું આ સ્થિતિમાં તે નમાઝ રોઝા છોડી દે શે? અથવા તો તે શું કરશે?

જ: ૨૪: હૈઝ અને નિફાસ વાળી સ્ત્રીઓની સમસ્યાઓ એક એવો દરિયો છે જેનો કોઈ કિનારો નથી, (અર્થાત્ ઘણા છે) જેનું એક કારણ તો હૈઝને રોકવાવાળી ગોળીઓનો ઉપયોગ પણ છે, અને લોકો ને આવા પ્રકરની સમસ્યાઓની ખબર પણ ન હતી, આ સત્ય છે કે નબી ﷺ ના આવ્યા પછી થી જ પરંતુ જ્યારથી સ્ત્રી અસ્તિત્વમાં આવી છે, ત્યારથી જ સમસ્યાઓ છે, પરંતુ સમસ્યાઓની એટલી બધી છે કે માનવી તેને હાલ કરવામાં પરેશાન થઇ જાય. પરંતુ અહી એક સામાન્ય નિયમ એ છે કે સ્ત્રી જયારે પાક થઇ જાય, અને હૈઝમાં સંપૂણ પણે પાકીને જોઈ લે, અને હૈઝમાં સંપૂણ પણે પાકીને જોવાનો મારો મતલબ એ છે કે તેને સફેદ પાણી દેકાહી જાય, જેને સ્ત્રીઓ જાણે છે, ભલેને તે પાણી માટી જેવા રંગનું હોઈ, અથવા પીણાં રંગનું હોઈ, અથવા ટીપું હોઈ, અથવા ભીનાશ હોઈ, તો આ બધું હૈઝમાં ગણવામાં નહીં આવે, જેથી તેના માટે નમાઝ પઢવી અને રોઝા રાખવા પર કોઈ વસ્તુ રોકનારી નથી, અને ન તો તેના પતિને સમાગમ કરવાથી કોઈ વસ્તુ રોકનારી નથી, કારણકે આ બડી બાબતો હૈઝ નાઠો. ઉમ્મે અતિય્યા રઝી. ને કહે છે: અમે માટી જેવા રંગના પાણી અથવા પીણાં રંગની કોઈ ગણતરી કરતા ન હતા, આ હદીષને ઈમામ બુખારી રહ. રિવાયત કરી અછે અને ઈમામ અબૂ દાવૂદ રહ. એ વધારે કર્યો: પાકી પછી ( અર્થાત્ પાક થયા પછી અમે માટી જેવા રંગના પાણી અથવા પીણાં રંગની કોઈ ગણતરી કરતા ન હતા) અને આ હદીષની સનદ સહીહ છે. આ હદીષ પ્રમાણે અમે કહી શકીએ છે કે પાક હોવાનું યકીન થઇ જાય તો તેના પછી આ પ્રકારની કોઈ વસ્તુ જોવા મળે તો તે નુકસાન કારક નથી, અને ન તેને નમાઝ પઢવાથી

કે રોઝા રાખવાથી અને તેના પતિને સમાગમ કરવથી રોકી શકે છે, પરંતુ તેના પર વાજિબ છે કે તે જ્યાં સુધી પાકી ને ન જોઈ લે ત્યાં સુધી તે ઉતાવળ ન કરે; કારણકે કેટલીક સ્ત્રીઓ જયારે તેમને લોહી આવવાનું બંધ થઇ જાય તો તે તરત જ પાકી જોયા વગર જ ગુસલ કરી લે છે, આ જ કારણ છે કે સહાબિયાત -રઝી.- માં આયશા રઝી. પાસે કુરસુફ અર્થાત્ લોહી વાળું રૂ નું કપડું મોકલતી, તો તે જવાબ કહેતી કે ઉતાવળ નાં કરો અહીં સુધી કે તમે સફેદ પાણી ન જોઈ લો.

**સ: ૨૫: અમુક સ્ત્રીઓને લગાતાર લોહી આવતું રહે છે, અને ક્યારેક એવું પણ થાય છે કે એક અથવા બે દિવસ લોહી આવવાનું બંધ થઇ જાય છે, ફરી પાછુ આવવા લાગે છે, આવી સ્થિતિમાં તે લોકો મને નમાઝ, રોઝા અને બીજી ઇબાદતો માટે શું આદેશ છે?**

જ: ૨૫: ઘણા આલિમો પાસે આ જ વાત વિખ્યાત છે કે જો સ્ત્રીની કોઈ નક્કી આદત (નક્કી સમયગાળો) હોઈ તો, તેની આદત પૂરી થઇ ગયા પછી તે ગુસલ કરી લે અને નમાઝ પઢે અને રોઝા રાખે, અને બે અથવા ત્રણ દિવસ પછી જો તે લોહી જુએ તો તે હૈઝ (માસિક) નથી, કારણકે તે આલિમો પાસે પાક થવાનો કમસેકમ સમયગાળો તેર (૧૩) દિવસ છે.

જ્યાં બીજા આલિમો કહે છે કે જયારે તે લોહી જુએ તે તે હૈઝ (માસિક) ગણવામાં આવશે, અને જયારે ન જુએ તો તેની પાકી ગણવામાં આવશે, ભલે બંને હૈઝ વચ્ચે તેર દિવસનો અંતર ન હોઈ.

**સ: ૨૬: સ્ત્રીઓ માટે રમજાનના મહિનાની રાત્રીઓમાં ઘરમાં નમાઝ પઢવી શ્રેષ્ઠ છે કે મસ્જિદમાં? ખાસ કરીને તે સમયે જયારે મસ્જિદમાં બયાન પણ**

**થતા હોઈ, અને તમે મસ્જિદમાં નમાઝ પઢવા વાળી સ્ત્રીઓને તમે શું ભલામણ કરો છે?**

જ: ૨૬: તેના માટે શ્રેષ્ઠ તે છે તે ઘરમાં નમાઝ પઢે; નબી ﷺ ની એક હદીષના કારણે: «અને સ્ત્રીઓ માટે તેમના ઘરમાં નમાઝ પઢવી શ્રેષ્ઠ છે», અને એટલા માટે પણ કે સ્ત્રીઓનું ઘરેથી બહાર નીકળવું કેટલીક સ્થિતિઓમાં ફિતના નું કારણ બની શકે છે, અને એટલા માટે તેના માટે ઘરમાં નમાઝ પઢવું શ્રેષ્ઠ છે, અને જ્યાં સુધી બયાનો સંભાળવાની વાત છે તે કેસેટ દ્વારા પણ સાંભળી શકાય છે.

અને જે સ્ત્રીઓ મસ્જિદમાં જઈ નમાઝ પઢે છે તે લોકોને પણ હું એ જ ભલામણ કરું છું કે તેઓ કોઈ શણગાર અને કોઈ સુગંધનો નો ઉપયોગ ન કરે.

**સ: ૨૭: સ્ત્રી માટે રમજાનના મહિનામાં રોઝાની સ્થિતિમાં ખાવાનું ચાખવા બાબતે શું આદેશ છે?**

જ: ૨૭: તેનો હુકમ: જો કોઈ જરૂરત હોઈ તો ખાવાનું ચાખવામાં કોઈ વાંધો નથી, પરંતુ ચાખ્યા પછી તેને થૂંકી દે.

**સ: ૨૮: એક સ્ત્રી તેની ગર્ભ્વાસ્તાના શરૂઆતના સમયમાં હતી કે અચાનક તેનું અકસ્માત થઇ જાય છે, અને વધુ પ્રમાણમાં લોહી પડવાના કારણે તેના પેટમાં રહેલી બાળક પણ પડી જાય છે, તો આવી સ્થિતિમાં શું તે રોઝો તોડી દે શે અથવા પૂરો કરશે? અને જો તે રોઝો તોડી નાખે તો તેના પર કોઈ ગુનો થશે?**

જ: ૨૮: અમારો એ વચાર છે ગર્ભવતી મહિલાને હૈઝ નથી આવતું, જેમકે ઈમામ અહમદ રહ. એ કહ્યું: સ્ત્રીઓને ગર્ભની જાણ તેમનું હૈઝ બંધ થવા પર ખબર પડે છે, અને હૈઝ જેના વિષે આલિમો કહે છે, અલ્લાહ તઆલા એ હિકમત સાથે પેદા કર્યું છે કે તે પેટમાં બાળકનો ખોરાક બને છે, જેથી જયારે પણ ગર્ભ રહે છે, હૈઝ આવવાનું બંધ થઇ જાય છે.

પરંતુ કેટલીક સ્ત્રીઓને ગર્ભ પછી પણ તેમની આદત પ્રમાણે હૈઝ આવતું રહે છે, જેવું પહેલા હૈઝ આવતું હતું, તો આવી સ્ત્રી પર એ આદેશ લાગું કરવામાં આવશે કે તેની આ હૈઝ સહીહ છે, કારણકે તેને હૈઝ ગર્ભને કોઈ અસર કાર્ય વગર આવે છે, તો આ પ્રકારનું હૈઝ પણ તે વસ્તુઓ કરવાથી થી રોકશે જે ગર્ભ વગરની સ્ત્રીને કરવાથી રોકે છે, અને તે દરેક વસ્તુ તેના પર વાજિબ થઇ જશે જે હૈઝ વવાળી સ્ત્રી પર વાજિબ થાય છે અને તે દરેક બાબતો પણ તેના પર લાગુ નહીં પડે જે એક હૈઝ વાળી સ્ત્રી પર લાગુ નથી પડતી. અને વાતનો સર એ છે કે ગર્ભવતી મહિલાને જે લોહી આવે છે તે બે પ્રકારનું હોઈ છે:

- પહેલો પ્રકાર, તે લોહી હૈઝનું ગણવામાં આવશે, અને આ તે લોહી છે જે ગર્ભ પછી પણ આવતું રહે છે, જેનો અર્થ: તે ગર્ભથી અસર કારક નથી થઇ, જેથી તે હૈઝ ગણવામાં આવશે.

- બીજો પ્રકાર: જે કોઈ અકસ્માતના કારણે અથવા કોઈ વજનદાર વસ્તુ ઉઠાવવાના કારણે અથવા કોઈ જગ્યાએ થી પડી જવાના કારણે અચાનક લોહી આવી જાય, તો તે હૈઝ નહીં ગણવામાં નહીં આવે, પરંતુ એક રગ માંથી નીકળતું લોહી છે, જેથી એટલા માટે તેને નમાઝ પઢવાથી અને રોઝા રાખવાથી કોઈ વસ્તુ રોકવા વાળી નથી, પરંતુ તેના પર પાક સ્ત્રીનો આદેસ લાગુ પડશે.

પરંતુ જો અકસ્માતના કારણે પેટની બાળક કે ગર્ભ પડી જાય તો આલિમો પાસે આના બે પ્રકાર છે: પહેલો પ્રકાર: પેટનું બાળક એ સ્થિતિમાં પડી જાય કે તેની રચના થઇ ચુકી હોઈ, તો તે પછી આવવાણું લોહી નિફ઼ાસનું લોહી હશે, જેમાં તે નમાઝ અને રોઝા છોડી દે શે, અને તેનો પતિ તેની સાથે સમાગમ પણ નહીં કરી શકે, જ્યાં સુધી તે પાક ના થાય જાય.

- બીજો પ્રકાર: જો ગર્ભ તે સ્થિતિમાં પડી જાય કે હજુ સુધી તેની રચના ના થઇ હોઈ, તો તેના પછી આવવા વાળું લોહી નિફ઼ાસ નહીં હોઈ, પરંતુ તે એક ફ઼ાસિદ (બેકાર) લોહી હશે, જે તેને નમાઝ અને રોઝા અને બીજી કોઈ વસ્તુથી રોકી નહીં શકે.

આલિમો કહે છે: સર્જન (શરીરની રચના) થવાની ઓછામાં ઓછો સમયગાળો એક્યાસી (૮૧) દિવસ છે, કારણકે ગર્ભ તેની માતાના ગર્ભાશયમાં છે જેમકે અબ્દુલ્લાહ બિન મસ્ઊદ રઝી. એ કહ્યું: નબી ﷺ જે સાચાઓમાં સૌથી સાચા છે કહ્યુ: «દરેક વ્યક્તિ પોતાની માતાના ગર્ભમાં ચાલીસ દિવસ ટીપાંના રૂપમાં રહે છે, ફરી તે જ પ્રમાણે લોહીનો ટુકડો બની રહે છે, ફરી તેટલા જ દિવસ તે શાકનો ટુકડો બની રહે છે, ફરી તેની પાસે એક ફરિશ્તો મોકલવામાં આવે છે, જેને ચાર વાતોનો આદેશ આપવામાં આવે છે, જેથી તેની રોઝ્જી, તેનના જીવનનો સમયગાળો, તેનું કામ અને એ કે તે નેક હશે કે ગુનેગાર», જેથી આટલા સમય પહેલા બાળકની રચના જાહેર થવી અશક્ય છે, અને નેવું (૯૦) દિવસ પહેલા બાળકની રચના જાહેર નથી થતી, જેમકે કેટલાક આલિમો એ કહ્યું છે.

**સ: ૨૯: એક સ્ત્રી સવાલ કરે છે કે લગભગ એક વર્ષ પહેલા ત્રીજા મહિનામાં મારું ગર્ભપાત થઇ ગયું હતું, પાક થતા સુધી મેં નમાઝ નથી પઢી, મને**

**કહેવામાં આવ્યું કે મારે નમાઝ પઢવી પડશે, હવે હું શું કરું કેમ કે હું નક્કી દિવસોની ગણતરી પણ નથી જાણતી?**

જ: ૨૯: આલિમો પાસે આજ વાત વિખ્યાત છે કે જો સ્ત્રી ત્રણ મહિનાનું ગર્ભ પાત કરી દે તો તે નમાઝ નહીં પઢે, કારણકે જો તે કોઈ એવું ગર્ભ પાત કરે જેની રચના હજું સુધી જાહેર થઇ ચુકી હોઈ તો આ સ્થિતિમાં આવવા વાળું લોહી નિફ઼ાસનું લોહી હશે, જેના હોવા પર સ્ત્રી નમાઝ નહીં પઢે.

આલિમોકહે છે: બાળકની રચના એક્યાસી (૮૧) દિવસ પુરા થવા પર જાહેર થાય છે, અને સમયગાળો ત્રણ મહિનાથી ઓછો છે, જો સ્ત્રીને યકીન થઇ જાય કે પડી ગયેલું ગર્ભના ત્રણ મહિના થઇ ચુક્યા છે, તો આવવા વાળું લોહી નીએફ઼ાસનું હશે, અને જો ગર્ભ એંસી (૮૦) દિવસ પહેલા પડી જાય તો તો તે સ્થિતિમાં આવવા વાળું લોહી ફ઼ાસિદ (ખરાબ) હશે જેના કારણે તે નમાઝ નહીં છોડે.

અને જે સ્ત્રી એ સવાલ કરવા વળી સ્ત્રી પોતાની અથીતીમાં ચિંતન મનન કરે, કે જો બાળક એંસી (૮૦) દિવસ પહેલા પડી ગયું હોઈ તો તો તે નમાઝની કઝા કરશે, અને જો તે ન જાણતી હોઈ કે કેટલી નમાઝો છૂટી ગઈ છે? તો બની શકે ત્યાં સુધી તે અંદાજો લગાવે અને જે અનુમાન સાચું પડે તે પ્રમાણે નમાઝ પઢે.

**સ: 30: એક સ્ત્રી સવાલ કરે છે કે જ્યારથી તેમના પર રોઝા વાજિબ થયા છે ત્યારથી રમજાનના રોઝા રાખે છે, પરંતુ તે રોઝાની કઝા નથી કરતી જે હૈઝના કારણે છૂટી ગયા છે, અને તે કેટલા છૂટી ગયા છે તે પણ ખબર નથી, એટલા માટે ઈચ્છું છું કે તેણીને તે માર્ગદર્શિકા આપું જે તેમના પર વાજિબ હોઈ.**

જ: 30: અમને ખેદ છે કે મુસલમાન સ્ત્રીઓ થી આ પ્રકારની વાતો પણ થાય છે, કેમ કે વાજિબ રોઝાની કઝા ન કરવી એ તો અજાણતાના કારણે હોઈ શકે છે અથવા તો આળસના કારણે, અને આ બંને કારણો અયોગ્ય છે, અજાણતાનો ઈલાજ તે છે તે ઇલમ પ્રાપ્ત કરે અને જે જાણે છે તેમને પૂછે, પરંતુ સુસ્તી અને આળસનો ઈલાજ એ છે કે અલ્લાહનો તકવો અપનાવવો જોઈએ, અને તેના અઝાબ અને સઝાથી ડરી જવું જોઈએ, અને તે કાર્યોમાં આગળ વધવું જોઈએ જે તેને  રાજી કરતા હોઈ.

વર્ણવેલ સ્ત્રી માટે જરૂરી છે કે જે તેનાથી ભૂલ થઇ ગઈ છે તેની અલ્લાહ સમક્ષ સાચી તૌબા કરે અને માફી માંગે, આવું કરવાથી તે બચી શકે છે અને અમને ઈમ્મીદ છે કે અલ્લાહ તઆલા તેની તૌબા કબૂલ કરી લે શ્હે.

**સ: ૩૧: એક સ્ત્રી સવાલ કરે છે કે નમાઝના સમયનો સમય થઇ ગયા પછી સ્ત્રીને હૈઝ આવી જાય તો તેના માટે શું હુકમ છે? અને શું પાક થવા પછી તે સ્ત્રી માટે તે નમાઝની કઝા કરવી વાજિબ છે? અને એવી જ રીતે જો તે નમાઝનો સમય પૂરો થયા પહેલા પાક થઇ જાય તો તો તે નમાઝનો શું હુકમ છે?**

જ: ૩૧: પહેલું: જો સ્ત્રી નમાઝનો સમય થઇ ગયા પછી હૈઝ આવી જાય તો હજું સુધી તેણે નમાઝના ના પઢી હોઈ તો તેણે પાક થયા પછી તે નમાઝની કઝા કરવી પડશે, જે સમયે તેને હૈઝ આવ્યું હતું, જો તેણીએ હૈઝ આવતા પહેલા તે નમાઝ પઢી ન હોઈ, અને એટલા માટે પણ કે આપ ﷺની હદીષ છે. જે વ્યક્તિ એક રકઅત પણ પામી લે તો તેણે નમાઝ પામી લીધી. એટલા માટે જો કોઈ સ્ત્રી નમાઝના સમયમાં એક પણ રકઅત પામી લે અને પછી તેને નમાઝ પહેલા જ માસિક આવી જાય તો તે પાક થયા પછી આ નમાઝની કઝા જરૂર કરશે બીજું : જ્યારે તે માસિકથી પાક થાય અને નમાઝનો સમય

હજુ બાકી હોય તો તેણી માટે તે નમાઝની કઝા જરૂરી છે, જો તે સૂર્યોદય પહેલા એક રકઅત બરાબર સમય પહેલા પાક થશે તો તેના માટે ફજરની નમાઝની કઝા જરૂરી રહેશે. અને જો તેને એક રકઅત જેટલો પણ સમય સૂર્યાસ્ત પહેલા પાક થઈ જશે તો તેના માટે અસરની નમાઝની કઝા જરૂરી રહેશે. અને જો તે મધ્ય રાત્રે પાક થશે તો તેના માટે ઈશાની નમાઝની કઝા પઢવી જરૂરી રહેશે. અને જો તે મધ્ય રાત પછી પાક થશે તો પછી તેના પર ઈશાની નમાઝની કઝા કરવી જરૂરી નથી, તેના પર જ્યારે ફજરનો સમય થશે ત્યારે ફજરની નમાઝ પઢવી જરૂરી રહેશે. અલ્લાહ તઆલા કહે છે : પછી જ્યારે તમે નમાઝ પઢતા રહો, ઊભા-ઊભા, બેઠાં-બેઠાં અને સૂતાં-સૂતાં અલ્લાહ તઆલાના નામનું સ્મરણ કરતા રહો અને જ્યારે શાંતિ મળે ત્યારે નમાઝ પાબંદી સાથે પઢો, નિ:શંક નમાઝ ઈમાનવાળાઓ માટે નક્કી કરેલ સમય પર પઢવી જરૂરી છે. સૂરે નિસા : ૧૦૩ અર્થાત : ફર્ઝ નમાઝ માટે જે તે સમય નક્કી કરવામાં આવ્યો છે તે સમય. કોઈ વ્યક્તિ માટે જાઈઝ નથી કે તે સમય નીકળી ગયા પછી નમાઝ પઢે અને એવી જ રીતે સમય થતા પહેલા નમાઝ પઢવી પણ જાઈઝ નથી.

## સ: ૩૨: નમાઝની સ્થિતિમાં મને માસિક આવી ગયું તો મારે શું કરવું જોઈએ? અને શું હું માસિકની સ્થિતિમાં નમાઝ પુરી કરું?

જ: ૩૨ જ્યારે તેને નમાઝના સમય દરમિયાન માસિક શરૂ થઈ જાય, ઉદાહરણ તરીકે ઝવાલના સમયથી અડધો કલાક પછી માસિક શરૂ થઈ ગઈ તો તેણીએ પાક થયા પછી તે નમાઝ એટલે કે ઝોહરની નમાઝની કઝા જરૂર કરવી પડશે. પાકીની સ્થિતિમાં નિ:શંક નમાઝ ઈમાનવાળાઓ માટે નક્કી કરેલ સમય પર પઢવી જરૂરી છે. સૂરે નિસા : ૧૦૩ અને નમાઝ દરમિયાન માસિક આવવાથી તે પોતાની નમાઝ પુરી નહિ કરે, આપ ﷺની આ હદીષ પ્રમાણે જેમાં એક લાંબી હદીષમાં કહે છે: શું એવું નથી કે તે માસિક

વખતે ન તો નમાઝ પઢે છે અને ન તો રોઝા રાખે છે? અને દરેક આલિમોનો ઇજમાઅ છે કે માસિક પીરિયડ દરમિયાનની નમાઝની કઝા નહિ કરે. અને હા, જ્યારે તે પાક થાય અને કોઈ નમાઝનો સમય તેને મળી જાય, ભલે ને તે સમય એક રકઅત પઢવા જેટલો કેમ ન હોય અથવા તેનાથી વધારે સમય હોય તો તેણી તે નમાઝની કઝા જરૂર કરશે, આપ ﷺની આ હદીષ પ્રમાણે... જે વ્યક્તિએ અસરની નમાઝ સૂર્યાસ્ત પહેલા પામી લેશે તો તેણે અસરનો સમય મેળવી લીધો. જો તે  અસરના સમયે અથવા સૂર્યોદય પહેલા પાક થાય, અને જો હજુ સૂર્યાસ્ત થવામાં અથવા સૂર્યોદયમાં એક રકઅત પઢવા જેટલો પણ સમય બાકી હોય તો તે અસર (જો સૂર્યાસ્ત પહેલા પાક થઈ હોય તક) ની નમાઝ અને જો તે (સૂર્યોદય પહેલા પાક થઈ હોય તો) ફજરની નમાઝ પઢશે.

**સ: ૩૩: મારી ઉંમર પાસઠ વર્ષની છે,  ઓગણીસ વર્ષથી તેને કોઈ બાળક નથી, અને હવે તેને ત્રણ વર્ષથી લોહી આવી રહ્યું છે, જો કે એક બીમારી છે, આ સ્થિતિમાં તે મારી પાસે આવી જેથી તેના રોઝા કબૂલ કરવામાં આવે, તો તમે તેને શુ શિખામણ આપો છો? અને કંઈ રીતે તેને સમજાવી શકો છો...**

જ: ૩૩: આ પ્રમાણેની સ્ત્રી, જેને માસિક આવવાનું શરૂ થઈ જાય તેનો હુકમ આ પ્રમાણેનો રહીશે: તે પોતાની પાછળની આદત પ્રમાણે જે તે સમયગાળો નક્કી હતો તેમાં નમાઝ અને રોઝા છોડી દેશે, જો તેની આદત દર મહિનાના શરૂઆતના છ દિવસમાં માસિક આવવાની હતી તો તેણી દર મહિનાના શરૂઆતની નમાઝ અને રોઝા નહિ રાખે, જ્યારે તે સમય પૂરો થઈ જાય તો પછી તે ગુસલ કરીને નમાઝ અને રોઝા બન્ને અમલ કરશે.

આ પ્રમાણેની સ્ત્રી માટે નમાઝ પઢવાની રીત આ પ્રમાણે છે કે તે સારી રીતે પોતાના શરમગાહને ધોઈ લે, પછી તેના પર પટ્ટીબાંધી દે, અને પછી વુઝુ કરે, આ કામ તે ફર્ઝ

નમાઝનો સમય થઈ ગયા પછી કરે, અને તે વગર જો તે નફિલ નમાઝ પઢવા ઈચ્છે તો પણ તે આ પ્રમાણે જ કરે.

અને આ સ્થિતિમાં, મુસીબત અને તકલીફના કારણે આ પ્રમાણે પણ કરવું જાઈઝ છે કે તે ઝોહરની નમાઝ સાથે અસરની નમાઝ ભેગી કરી લે અને મગરિબની નમાઝ સાથે ઈશાની નમાઝ સાથે પઢી લે, જેથી તેનો (વુઝુ અને પાકી માટેની જે રીતે છે) તે અમલ બે નમાઝો માટે પૂરતો થઈ જાય, અર્થાત ઝોહર અને અસરની નમાઝ અને એક પાકી મગરિબ અને ઈશા માટે, અને એક પાકી ફજરની નમાઝ માટે, તો આ પ્રમાણે પાંચ વખત પાકીના બદલામાં ફક્ત ત્રણ વખત જ પાકી પૂરતી થઈ જશે. આ બાબતે હું ફરીવાર સ્પષ્ટતા કરૂં છું, આ પ્રમાણેની સ્ત્રી જ્યારે પાકીની ઈચ્છા કરે તો તે સારી રીતે પોતાની શરમગાહ ધોશે અને તેના પર એક પટ્ટી બાંધી દેશે, જેથી જે લોહી નીકળી રહ્યું છે તે થોડું નબળું પડી જાય, પછી વુઝુ કરે અને ઝોહરની ચાર રકઅત નમાઝ અને અસરની ચાર રકઅત નમાઝ પઢી લે અને એવી જ રીતે મગરિબના સમયે ફરી આવું કરી, મગરિબની ત્રણ રકઅત નમાઝ અને પછી ઈશાની ચાર રકઅત નમાઝ પઢે લે અને ફજરના સમયે બે રકઅત નમાઝ પઢી લે,અર્થાત તે કસર નહિ કરે, જેવું કે કેટલાક લોકો ખોટા અનુમાન લગાવતા હોય છે. પરંતુ તેના માટે આવું કરવું જાઈઝ છે કે તે નમાઝ (જમઅ તકદીમ) એટલે કે ઝોહર સાથે અસરની નમાઝ પઢી લે અને એવી જ રીતે મગરિબ ની નમાઝ સાથે ઈશાની નમાઝ પઢી લે, અને તેની ઈચ્છા જો તે (જમઅ તાખીર) એટલે કે અસર સાથે ઝોહરની નમાઝ અને ઈશા સાથે મગરીબની નમાઝ પઢી લે. અને જો તે એ જ વુઝુ થી નફિલ નમાઝ પઢવા ઈચ્છે તો તે પણ પઢી શકે છે. કોઈ વાંધો નથી.

## સ: ૩૪: નસિંહત અને ખુતબો સાંભળવા માટે હેઝ વાળી સ્ત્રી મસ્જિદે હરામમાં રોકાવવું કેવું છે?

જ: ૩૪ હેઝ વાળી સ્ત્રી માટે મસ્જિદે હરામમાં અથવા કોઈ પણ મસ્જિદમાં રોકાવવું જાઈઝ નથી, હા મસ્જિદેથી પસાર થવું અને જરૂરતનો સામાન લેવો હોય તો જાઈઝ છે : જેવું કે જ્યારે આપ ﷺએ આયશા રઝી. પાસે મુસલ્લો (૧) મંગાવ્યો તો આયશા રઝી. એ કહ્યું કે મુસલ્લો મસ્જિદમાં છે અને હું હેઝથી છું, તો આપ ﷺએ કહ્યું કે તમારું હેઝ તમારા હાથમાં નથી લાગ્યું. જો હેઝ વાળી સ્ત્રીને આ ભય ન હોય કે તેનું લોહી મસ્જિદમાં નહિ ટપકે તો તેના માટે મસ્જિદ માંથી પસાર થવું જાઈઝ છે.તેમાં કોઈ વાંધો નથી. પરંતુ બેસી રહેવાના ઈરાદાથી મસ્જિદમાં  દાખલ થવું જાઈઝ નથી.

અને તેની દલીલ એ છે કે નબી ﷺએ ઈદના દિવસે સ્ત્રીઓને આદેશ આપ્યો કે તે ઈદની નમાઝ માટે કુંવારી, પરદા વાળી અને હેઝ વાળી  પણ ઇદગાહ જાય, પરંતુ હેઝ વાળી સ્ત્રીઓને ઇદગાહ થી દૂર રહેવાનો આદેશ આપ્યો. જે એ વાતની દલીલ છે કે ખુતબો સાંભળવા અથવા દરસ સાંભળવા માટે હેઝ વાળી સ્ત્રીનું મસ્જિદમાં રોકાવવું જાઈઝ નથી.

*

# નમાઝ માટે પાકીના કેટલાક  હુકમ

**સ: ૩૫: સ્ત્રીની શરમગાહથી જે સફેદ અથવા પીળો પદાર્થ નીકળે છે, તે પાક છે કે નાપાક ? અને શું તે સતત નીકળતું રહે તો શું તેના માટે વુઝુ કરવું જરૂરી છે? અને જો સમયાંતરે નીકળતું હોય તો તેનો શું આદેશ છે? ઘણી જાણકાર સ્ત્રીઓ સમજે છે કે આ તો ફિતરી પ્રાકૃતિક વસ્તુ છે,તેના માટે વુઝુ કરવું જાઈઝ નથી?**

જ :૩૫ મામલાની ઊંડાણપૂર્વક રિસર્ચ કર્યા પછી હું આ નિર્ણય સુધી પહોંચ્યો છું કે જો પદાર્થ પેશાબની જગ્યાએ થી નહિ પરંતુ રહમની જગ્યાએથી આવતું હોય તો તે પદાર્થ પાક છે, પરંતુ તેનાથી વુઝુ તૂટી જશે, ભલેને તે પાક કેમ ન હોય, કારણકે વુઝુ તૂટવાના કારણો માંથી એવું નથી કે તે વસ્તુ નાપાક જ હોવી જોઈએ, સંડાસની જગ્યા માંથી નીકળતી હવા, જેનું કોઈ શરીર નથી પરંતુ તે વુઝુ તૂટવાના કારણો માંથી છે.

એટલા માટે જ્યારે સ્ત્રી વુઝુ સાથે હોય અને તેની શરમગાહ થી કોઈ પદાર્થ નીકળે તો તેનું વુઝુ તૂટી જશે અને તેના માટે નવેસરથી વુઝુ કરવું જરૂરી છે.

અને જો તેને સતત પદાર્થ નીકળતો હોય તો તેનું વુઝુ નહિ તૂટે પરંતુ જ્યારે નમાઝનો સમય થઇ જાય તો નવેસરથી વુઝુ કરે અને તે સમયની નમાઝ પઢે, નફિલ નમાઝ પઢે અને કુરઆનની તિલાવત કરે, અને તે દરેક કામ કરી શકે છે, જે તેના માટે મુબાહ હોય, અર્થાત જાઈઝ હોય. જેવું કે જે વ્યક્તિને સતત પેશાબના ટીપા ટપકવાની બીમારી હોય તેના માટે આલિમોએ આ પ્રમાણેનો ફતવો આપ્યો છે તો આ છે રહેમ માંથી નીકળતા પદાર્થનો હુકમ, આ પદાર્થ પાક છે, પરંતુ જો રુકી રુકીને તે પદાર્થ આવતો હોય તો તેનાથી વુઝુ તૂટી જશે, અને જો સતત આવતું હોય તો પછી તેનાથી વુઝુ નહિ તૂટે, પરંતુ

સ્ત્રી માટે જરૂરી છે કે તે નમાઝનો સમય થઈ જાય તો વુઝુ કરે અને શરમગાહ પર લંગોટી બાંધી લે.

અને જો આ પદાર્થ રુકી રુકીને આવતો હોય અને આદત પ્રમાણે નમાઝના સમયે બંધ હોય તો સ્ત્રીએ જ્યાં સુધી આ પદાર્થ આવવાનો બંધ થતો હોય ત્યાં સુધી નમાઝમાં મોડું કરવું જોઈએ, જો તેને સમય નીકળી જવાનો ભય ન હોય તો અને જો તેને સમય નીકળી જવાનો ભય હોય તો તે પણ લંગોટી બાંધીને નમાઝ પઢી લેશે.

નીકળતી વસ્તુ ઓછી હોય કે વધારે કોઈ ફરક પડતો નથી કારણકે શરમગાહથી નીકળવા વાળી વસ્તુથી વુઝુ તૂટી જાય છે, ભલેને તે થોડી હોય કે વધારે. તેના વિરુદ્ધ શરીરના અન્ય ભાગ માંથી નીકળતો પદાર્થ, જેવું કે લોહી, ઉલ્ટી વગેરે તેનાથી વુઝુ તૂટતું નથી, ભલેને તે ઓછું હોય કે વધારે.

અને હા,તે સ્ત્રીઓ જે એવું સમજે છે કે આનાથી વુઝુ તૂટતું નથી આ તો એક પ્રાકૃતિક વસ્તુ છે તો મને નથી લાગતું કે આ વાતમાં કોઈ સત્યતા હોય, ફક્ત ઈબ્ને હઝમ રહ.એ કહ્યું કે તેનાથી વુઝુ તૂટતું નથી, પરંતુ તેમણે પોતાની વાતની કોઈ દલીલ વર્ણન નથી કરી, જો કિતાબ અને સુન્નતથી અથવા સહાબાના કોલથી કોઈ દલીલ હોત તો જરૂર આ મસઅલા બાબતે પુરાવો સાબિત થાત.

સ્ત્રી માટે જરૂરી છે કે તે અલ્લાહનો ડર રાખે અને હંમેશા પાકી માટે ઉત્સુક રહે , એટલા માટે કે નમાઝ પાકી વગર કુબુલ નથી થતી, ભલેને તે સો વખત નમાઝ કેમ ન પઢે, જો કે કેટલાક આલિમોનું તો કહેવું છે કે પાકી વગર નમાઝ પઢવી કૂફર છે, કારણકે આવું કરવું અલ્લાહની આયત સાથે મજાક કરવું ગણાશે.

**સ: ૩૬: જે સ્ત્રીની શરમગાહથી આ પદાર્થ સતત નીકળતો હોય અને તે ફર્ઝ નમાઝ માટે વુઝુ કરે તો શું તે બીજી નમાઝનો સમય થતા સુધી તે જ વુઝુથી નફીલ નમાઝ અને કુરઆનની તિલાવત કરી શકે છે?**

જ: ૩૬: વર્ણવેલ સ્ત્રી માટે જો તે પ્રથમ સમયમાં વુઝુ કરી નમાઝ પઢી લે તો તે બીજી નમાઝનો સમય થતા સુધી નફિલ નમાઝ અને કુરઆનની તિલાવત કરી શકે છે.

**સ: ૩૭: શું વર્ણવેલ સ્ત્રી માટે ફજરની નમાઝ માટે કરેલ વુઝુથી ચાશતની નમાઝ પઢી શકે છે?**

જ: ૩૭: આવું કરવું જાઈઝ નથી, કારણ કે ચાશતની નમાઝનો એક સમય છે, એટલા માટે સમય થઇ જાય તો તેના માટે વુઝુ કરવું જરૂરી છે, કારણકે આવી સ્ત્રી મુસ્તહાઝા સ્ત્રીના આદેશ પ્રમાણે ગણાશે, અને આપ ﷺએ મુસ્તહાઝા સ્ત્રીને દરેક નમાઝ માટે વુઝુ કરવું જરૂરી કર્યું છે.

અને ઝોહરનો સમય ઝવાલથી (અર્થાત સૂર્ય માથા પર આવી જાય) લઈ કે અસરના સમય સુધીનો છે. અને અસરનો સમય: અસર શરૂ થઈ ગયા પછીથી લઈ કે સૂર્ય પીળો ન થઈ ત્યાં સુધી, અને જરૂરતના સમયે સૂર્યાસ્ત પહેલા સુધી. અને મગરિબનો સમય : સૂર્યાસ્ત પછીથી લઈને કે આકાશ પર લાલાશ ગાયબ થાય ત્યાં સુધી. અને ઇશાનો સમય લાલાશ ગાયબ થયા પછીથી લઈને કે અડધી રાત સુધી.

**સ: ૩૮: શુ વર્ણવેલ સ્ત્રી માટે તહજ્જુદની નમાઝ અડધી રાત પછી ઇશાના વુઝુથી પઢી શકાય છે?**

જ: ૩૮: ના, જાઈઝ નથી, એક કોલ પ્રમાણે જ્યારે અડધી રાત થઈ જાય પછી નવેસરથી વુઝુ કરવું જરૂરી છે, અને બીજો એક કોલ છે કે નવેસરથી  વુઝુ કરવું જરૂરી નથી, અને આ જ કોલ યોગ્ય છે.

## સ: ૩૯: ઈશાની નમાઝનો અંતિમ સમય અને તેની ઓળખ માટે શું કરવું જોઈએ?

જ: ૩૯: ઈશાની નમાઝનો અંતિમ સમય અડધી રાત છે, અને તેને જાણવા માટે સૂર્યાસ્ત પછીથી લઈને કે સૂર્યોદય સુધી રાતમાં બે ભાગ કરવામાં આવે, જ્યાં પહેલો અડધો ભાગ પૂર્ણ થાય તો તે જ સમય ઈશાની નમાઝનો અંતિમ સમય ગણાશે, અને જે અડધી રાતનો બીજો ભાગ છે તે ઇશાનો સમય નથી, પરંતુ તે બન્નેનો દરમિયાની સમય ગણાશે.

## સ: ૪૦: જે સ્ત્રીને વર્ણવેલ પદાર્થ રુકી રુકીને આવી રહી હોય અને વુઝુ કર્યા પછી અને નમાઝ પઢતા પહેલા ફરીવાર તે પદાર્થ જોઈ લે તો શુ કરે?

જ: ૪૦: જો તે પદાર્થ રૂકી રુકીને આવતો હોય તો તે રાહ જોશે, જ્યાં સુધી પદાર્થ આવવાનું રુકી ન જાય, પરંતુ ક્યારેક સ્પષ્ટ નિશાની જાહેર ન થતી હોય ક્યારેક આવતી હોય અને ક્યારેક બંધ થઈ જતી હોય તો  નમાઝનો સમય થઈ જાય તો તે નમાઝ પઢી લેવી જોઈએ, આ સ્થિતિમાં કોઈ વાંધો નથી. સ : ૪૧ વર્ણવેલ પદાર્થ જો પોશાક અથવા શરીર પર લાગી જાય તો તેનો શુ હુકમ છે? જ :૪૧ જો તે પાક હોય તો તેના માટે કોઈ વાંધો નથી, અને જો તે નાપાક હોય અને તે પેશાબ કરવાની જગ્યાએથી નીકળી હોય તો તેને સાફ કરવું અને ધોવું જરૂરી છે. સ : ૪૨ જે પ્રમાણે ઉપર સવાલ કરવામાં આવ્યો છે તો શું તે  પદાર્થ જ્યારે નીકળે તો ફક્ત વુઝુના જે અંગો છે તેને ધોવા પૂરતું થઈ જશે? જ

: ૪૨ હા, પૂરતું થઈ જશે, જો તે પદાર્થ પાક હોય તો અને તે રહેમની જગ્યાએથી નીકળ્યો હોય, પેશાબ કરવાની જગ્યાએથી ન નીકળ્યો હોય.

**સ: ૪૩: વર્ણવેલ પદાર્થ વિશે આપ ﷺથી કોઈ સાબિત દલીલ નથી મળતી કે તેનાથી વુઝુ તૂટી જશે, તેનું કારણ શું છે? જો કે સહાબિયાત દીની બાબતમાં ફતવો જાણવા માટે ઉત્સુક રહેતા હતા?**

જ: ૪૩: કારણકે આ પદાર્થ દરેક સ્ત્રીને નથી નીકળતો.

**સ: ૪૪: જે સ્ત્રી વર્ણવેલ મસઅલો નથી જાણતી તો તે ઓ હુકમ હવે શું રહેશે?**

જ: ૪૪: તે સ્ત્રી અલ્લાહ સામે તૌબા કરશે, અને આલિમો પાસે મસઅલો પૂછતી રહે.

**સ: ૪૫: કેટલાક લોકો તમારી તરફ આ વાત નિસબત આપી કહે છે કે વર્ણવેલ પદાર્થથી વુઝુ તૂટતું નથી?**

જ: ૪૫: જે લોકોએ મારી તરફ નિસબત આપી આ વાત કહી હોય તે સાચો નથી તેણે મારી આ 'વાતથી કે તે પાક છે', એવું સમજ્યું કે તેનાથી વુઝુ તૂટતું નથી.

**સ: ૪૬: સ્ત્રીના માસિક દિવસો પહેલા એક ગંદોપદાર્થ નીકળે છે, તેનો હુકમ શુ છે તે પદાર્થ ક્યારેક કાળા દોરાના ટુકડા માફક હોય છે તો ક્યારેક લાલ હોય છે,  અને જો આ પાણી હેઝ પછી આવે તો શું હુકમ છે?**

જ: ૪૬: જો આ પાણી હેઝના શરૂઆતની નિશાનીઓ માંથી હોય તો તે હેઝ જ ગણવામાં આવશે,  અને આ એટલા માટે તકલીફ થાય છે, કે ભય અને ડરના લીધે, જે હેઝ વાળી સ્ત્રી સ્પર્શ કરતી હોય છે.

જો હેઝ પછી આ ગંદો પદાર્થ દેખાય તો સ્ત્રીએ પાકી માટે રાહ જોવી પડશે, કારણકે હેઝ સાથે આવનાર આ પાણીને હેઝ જ શુમાર કરવામાં આવશે, આયશા રઝી. કહેતા હતા કે તમે ઉતાવળ ન કરો જ્યાં સુધી સફેદી ન જોઈ લો. અલ્લાહ વધુ જાણવાવાળો છે.

*

# હજ અને ઉમરહમાં હેઝના મસાઈલ

## સ: ૪૭: હેઝ વાળી સ્ત્રી એહરામ માટે બે રકઅત કઈ રીતે પઢે અને શું તેણી માટે ધીમે  ધીમે કુરઆન મજીદ પઢવું જાઈઝ છે કે નહીં?

જ: ૪૭: પહેલી વાત તો એ કે આપણે સૌએ જાણવું જોઈએ કે એહરામ માટે કોઈ ખાસ નમાઝ નથી, કારણકે આપ ﷺ દ્વારા એ સાબિત નથી કે આપ ﷺએ પોતાની વાત, અમલ અને તકરીર વડે એહરામ માટે કોઈ ખાસ નમાઝનો આદેશ આપ્યો હોય. બીજી વાત જે સ્ત્રી એહરામ બાંધતા પહેલા હેઝ વાળી થઈ જાય તે હેઝની સ્થિતિમાં અહેરામ બાંધી શકે છે. કારણકે આપ ﷺએ અસ્મા બિન્તે ઉમૈસ રઝી. જેઓ અબૂ બકર રઝી.ની પત્ની જ્યારે તેણી ઝુલ્ હલીફા  જગ્યાએ પહોંચ્યા તો નિફાસ આવવા લાગ્યું, તો આપ ﷺએ આદેશ આપ્યો કે ગુસલ કરી લે અને પોતાની શરમગાહ પર પટ્ટી બાંધી લે, તો

હેઝવાળી સ્ત્રી પણ આ પ્રમાણે જ કરશે, અને પાક થતા સુધી પોતાના એહરામ પર બાકી રહેશે, પછી બૈતુલ્લાહનો તવાફ અને સઇ કરશે.

કુરઆન પઢવા બાબતે જે સવાલ કરવામાં આવ્યો છે, તેનો જવાબ એ છે કે જરૂરત અને કારણસર પઢવા ઇચ્છતી હોય તો પઢી શકે છે, પરંતુ કારણ અને જરૂરત વગર ઈબાદત માટે અલ્લાહની નિકટતા માટે હાલ કુરઆન ન પઢવું જ બેહતર છે.

**સ: ૪૮: એક સ્ત્રીએ હજ માટે સફર કર્યો અને હજના પાંચમા દિવસે તેને માસિક આવી ગયું, મિકાતે પહોંચી તેણે સ્નાન કર્યું અને એહરામ બાંધ્યું, જો કે હજુ તે પાક નહતી થઈ, મક્કા પહોંચી પરંતુ તે મક્કાની બહાર રહી, તેણીએ હજ અને ઉમરહનું કોઈ કાર્ય નથી કર્યું, બે દિવસ તેણે મિનામાં પણ પસાર કર્યા અને પછી પાક થઈ ગઈ સ્નાન કર્યું અને પાકીની સ્થિતિમાં તેણે ઉમરહના દરેક કાર્યો અદા કર્યા, પછી જ્યારે તે હજ માટે તવાફે ઇફાઝા કરતી હતી તે સમયે તેને ફરી વાર લોહી આવ્યું, પરંતુ તેણે શરમના કારણે કોઈને જણાવ્યું નહિ, અને તે જ સ્થિતિમાં હજના દરેક કાર્યો પુરા કર્યા, પછી વતન પહોંચ્યા પછી તેણીએ તેના જવાબદારને જાણ કરી હવે તેનો હુકમ શુ છે?**

જ: ૪૮: વર્ણવેલ મસઅલાનો હુકમ એ છે કે જે તવાફે ઇફાઝા દરમિયાન ખૂન આવ્યું જો તે માસિક હતું, જે તેને માસિકની તકલીફ અને તેના રંગથી ઓળખી શકે છે  તો પછી તેનો ઇફાઝા સહીહ નથી, તેના માટે જરૂરી છે કે તે ફરી મક્કા જાય અને મિકાતથી એહરામ બાંધી ફરીવાર તવાફ અને સઇ કરે, અને કસર કરાવે અને પછી તવાફે ઇફાઝા અદા કરે.

પરંતુ તવાફે ઇફાઝા વખતે આવનાર લોહી માસિક ન હતું પરંતુ ભીડ અથવા ભય અથવા કોઈ કારણસર આવી ગયું હોય, તો તે લોકોની નજીક તવાફે ઇફાઝા સહીહ છે, જેમણે કહ્યું કે તવાફ માટે પાકી શરત નથી,

પ્રથમ સ્થિતિમાં જો તેના માટે મક્કા આવું શક્ય ન હોય તો દૂર બીજા દેશમાં રહેતી હોય તો તેના માટે હજ સહીહ ગણાશે કારણ કે તેણીએ જે કર્યું તેના કરતાં વધુ કરવું તેના હાથમાં ન હતું.

**સ: ૪૯: એક સ્ત્રીએ અહેરામ બાંધ્યું અને મક્કા પહોંચીને તેને માસિક આવી ગયું, અને તેનો જે મહરિમ છે, તેને તરતજ સફર કરવો છે, અને મક્કામા તેનો કોઈ સંબંધી પણ નથી તો હવે તે હું કરે?**

જ: ૪૯: જો આ સ્ત્રી મક્કામાં જ રહેતી હોય તો તે પોતાના મહરિમ સાથે પાછી જતી રહેશે, એહરામમાં બાકી રહે અને જ્યારે પાક થઈ જાય તો પાછી ઉમરહ કરવા માટે આવે, કારણકે તેના માટે મક્કા આવું સરળ છે, ન તો તેના માટે કોઈ તકલીફ છે અને પાસપોર્ટ વગેરેને કોઈ તકલીફ નથી.

પરંતુ જો અન્ય દેશથી આવી હોય તો અને ફરી આવવું તેના માટે અઘરું હોય તો તે લંગોટી બાંધી લે અને તે તવાફ, સઇ અને કસર કરાવી લે અને તે જ સફરમાં તે પોતાનો ઉમરહ પૂરો કરે, કારણકે આ સ્થિતિમાં તેનો ઉમરહ એક સખત સ્થિતિમાં પહોંચી ગયો ગણાશે, અને જરૂરતના સમયે કેટલીક રોક પણ હલાલ થઈ જતી હોય છે.

**સ: ૫૦: જે સ્ત્રીને હજના દિવસોમાં માસિક આવી જાય, તેનો હુકમ શુ છે અને શું તે હજ તેના માટે પૂરતો થઈ જશે?**

જ: ૫૦: જ્યાં સુધી ખબર ન પડે કે તે સ્ત્રીને ક્યારે માસિક આવ્યું ત્યાં સુધી આ સવાલનો જવાબ આપવો અઘરું કામ છે, કારણકે હજના કેટલા કાર્યો એવા છે જેના માટે માસિકની કોઈ અડચણ નથી, અને કેટલાક કાર્યો એવા છે, જે માસિકના સમયે નથી કરી શકતી, હજ માસિકની સ્થિતિમાં સહીહ નથી પરંતુ અન્ય હજના કાર્યો કરી શકાય છે.

**સ: ૫૧: એક સ્ત્રી કહે છે કે એક તેણીએ ગયા વર્ષે હજ કર્યું અને હજના દરેક કાર્યો અદા પણ કર્યા, જો કે શરઇ કારણના લીધે તેણી પોતાનું તવાફે ઇફાઝા અને તવાફે વદાઅ ન કરી શકી, અને પછી તેણીએ વિચાર કર્યો કે હું મદીના પાછી આવી જવું છું અને પછી  ગમે ત્યારે મક્કા જઈ તવાફે ઇફાઝા અને તવાફે વદાઅ કરી લઈશ, દીની મસઅલાથી અજાણતાના કારણે હું દરેક વસ્તુથી હલાલ પણ થઈ ગઈ, અને અહેરામમાં જેટલી વસ્તુ હરામ હોય છે તે પણ કરી લીધી, પછી મારું મક્કા આવીને તવાફ કરવાનો વિચાર જણાવ્યો તો મને કહેવામાં આવ્યું કે તમારો તવાફ સહીહ નથી, કારણકે તમે પોતાનું હજ ખરાબ કરી લીધું છે, અને ફરીવાર હજ કરવું પડશે, સાથે સાથે એક ગાય કે ઊંટણી પણ ફિદયામાં આપવું પડશે,  સવાલ એ છે કે શું આ વાત સાચી છે,અને શુ મારી પરિસ્થિતિનો બીજો કોઈ ઉકેલ છે,  અને શું મારો હજ ખરેખર ખરાબ થઈ ગયો અને મારે ફરીવાર કરવો જરૂરી છે, હવે મારે શું કરવું પડશે, માર્ગદર્શન આપો, અલ્લાહ તમને બરકત આપે.**

જ: ૫૧: આ પણ એક મુસીબત છે કે લોકો ઇલ્મ વગર જ ફતવા આપી દે છે,વર્ણવેલ સ્થિતિમાં જરૂરી છે કે મક્કા પાછા જાય અને તવાફે ઇફાઝા કરી લે, મક્કાથી નીકળતી વખતે તમે માસિકની સ્થિતિમાં હતા એટલે તમારા પર તવાફે વદાઅ જરૂરી નથી,

કારણકે માસિકથી પીડિત સ્ત્રી માટે તવાફે વદાઅ નથી. જેવું કે ઈબ્ને અબ્બાસ રઝી.ની.હદીષમાં છે કે લોકોને આદેશ આપવામાં આવ્યો છે કે તમારું છેલ્લું કામ તવાફ હોય, જે સ્ત્રીને માસિક આવ્યું હોય તેના માટે આ વસ્તુ કમી કરી દેવામાં આવી છે. અબૂ દાવૂદની એક રિવાયતમાં છે કે લોકોનું છેલ્લું કામ બૈતુલ્લાહનો તવાફ હોય. જ્યારે આપ ﷺને ખબર પડી કે સફીય્યહ રઝી. તવાફે ઇફાઝા કરી ચુકી છે, ત્યારબાદ (તેમને માસિક આવ્યું )તો આપ ﷺએ કહ્યું કે તો પછી રવાના થઈ જાય. આ વાતથી દલીલ મળી કે જે સ્ત્રીને માસિક આવ્યું હોય તેના માટે તવાફે વદાઅ નથી. પરંતુ તવાફે ઇફાઝા દરેક સ્થિતિમાં જરૂરી છે, જ્યાં સુધી રહી વાત અજાણતામા તમે દરેક વસ્તુથી હલાલ થઈ ગયા તો કંઈ વાંધો નથી, તમને કઈ નુકસાન નહિ થાય, કારણકે જે વ્યક્તિ અહેરામની સ્થિતિમાં કોઈ રોક લગાવેલું કાર્ય અજાણતામાં કરી લે તો કઈ વાંધો નથી. અલ્લાહ તઆલા કહે છે: હે અમારા પાલનહાર ! જો અમારાથી ભુલચૂક થઈ ગઈ હોય તો તેના પર અમારી પકડ ન કરીશ, (સૂરે બકરહ: ૨૮૬) અલ્લાહ તઆલાએ બંદાના આ જવાબમાં કહ્યું: મેં તમારી દુઆ કબૂલ કરી અને અલ્લાહ તઆલાએ કહ્યું : તમારાથી ભૂલથી જે કંઈ થઇ જાય, તેના પર તમારા માટે કંઈ ગુનો નથી, હાં ! પાપ તે છે, જેનો ઇરાદો તમે દિલથી કરો. (સૂરે અહઝાબ: ૫) તે દરેક વસ્તુઓ જેનાથી અલ્લાહ તઆલાએ રોક્યા છે અને કદાચ બંદો અજાણતામાં તે કરી લે તો તેના પર કોઈ વસ્તુ નથી, એટલે કે કઈ વાંધો નથી પરંતુ હા જો જાણી લીધા પછી તેનાથી બચીને રહેવું ફરજિયાત છે.

**સ: ૫૨: નિફાસવાળી સ્ત્રીએ તરવીયહના દિવસે (અર્થાત ઝીલ હિજ્જહની ૮ તારીખે) લોહી શરૂ થયું અને તેણે તવાફ અને સઇ વગર દરેક કામ કરી લીધા હોય તો પરંતુ દસ દિવસમાં જ તેને ખબર પડી કે તે શરૂઆતના દિવસોમાં**

**જ પાક થઈ ગઈ છે, તો શું તે પોતાને પાક સમજી ગુસલ કરે અને તેના બાકીના કાર્યો તવાફે ઇફાઝા કરે?**

જ: ૫૨: આ સ્ત્રી માટે ત્યાં સુધી ગુસલ કરી તવાફ કરવું જાઈઝ નથી, જ્યાં સુધી તેને પાકીનું સંપૂર્ણ યકીન ન થઈ જાય, સવાલ કરવાના અંદાજ પરથી એમ સમજી શકાય છે કે હજુ તેણીએ સંપૂર્ણ પાકી જોઈ જ નથી, જેવું કે (શરૂઆત) શબ્દથી જાણી શકાય છે, તેના માટે જરૂરી છે કે જ્યાં સુધી તેને સંપૂર્ણ પાકીનું ઇલ્મ ન આવે ત્યાં સુધી તવાફ અને સઇ કરી નથી શકતી.

અને જો તવાફ પહેલા સઇ કરી લીધી હોય તો પછી કોઈ વાંધો નથી, કારણકે આપ ﷺને પૂછવામાં આવ્યું કે જેણે તવાફ પહેલા સઇ કરી લીધી હોય તો તેનો શુ હુકમ છે આપ ﷺએ કહ્યું (કંઈ વાંધો નથી)

**સ: ૫૩: એક સ્ત્રીએ સેલ નામની જગ્યા પરથી હજ માટે એહરામ બાંધ્યું, પરંતુ મક્કા પહોંચ્યા પછી તેણી જરૂરત માટે જીદ્દહ શહેર જતી રહી, અને ત્યાં પાક થઈ ગઈ, ગુસલ કર્યું, વાળમાં કાંસકો કર્યો, અને પછી તેણીએ હજ કર્યું તો શું તેના માટે આ હજ સહીહ ગણાશે, અને તેના પર કોઈ વસ્તુ જરૂરી છે?**

જ: ૫૩: તેણીનો હજ સહીહ છે, અને તેના પર કોઈ વસ્તુ જરૂરી નથી.

**સ: ૫૪: એક સ્ત્રી સવાલ કરી રહી છે કે હું ઉમરહ કરવા જઈ રહી હતી, મિકાતે થી પસાર થઈ તો હું હેઝથી હતી, એટલા માટે એહરામ ન બાંધ્યું, પાક થયા સુધી મક્કામાં જ રોકાય રહી હતી, મક્કામાં જ એહરામ બાંધ્યું તો શું આ જાઈઝ છે ? અને મારા પર શુ વાજીબ છે?**

જ: ૫૪: આ રીત જાઈઝ નથી, જે સ્ત્રી ઉમરહ કરવાની નિયત રાખતી હોય તો તેના માટે મિકાતથી આગળ જઇ એહરામ બાંધવું જાઈઝ નથી, ભલેને તેને માસિક આવતું હોય, તે જ સ્થિતિમાં મિકાતેથી એહરામ બાંધી લેશે, આ પ્રમાણે સહીહ છે. અને તેની દલીલ એ છે કે અસમા બિન્તે ઉમેસ રઝી. અબુબકર રઝી.ની પત્નીને બાળક થયું તો તેમણે આપ ﷺને પુછાવી મંગાવ્યું કે તે હવે શું કરે? અને એ વખત આપ ﷺ હજ્જતુલ વદાઅ વખતે ઝૂલ હલીફ઼ામાં હતા, આપ ﷺએ કહ્યું: કે ગુસલ કરી પટ્ટી બાંધી એહરામ બાંધી લો, હેઝનું લોહી પણ નિફ઼ાસના લોહી પ્રમાણે જ છે. તો અમે જે સ્ત્રીને માસીક આવ્યું હોય તેમને આ પ્રમાણે જ કહીશું કે જ્યારે તેણીઓ હજ અને ઉમરહ માટે મિકાત પાસેથી પસાર થાય તો પછી ગુસલ કરી પટ્ટી બાંધી લે અને ફરી ઉમરહ માટે એહરામ બાંધી લે. હા, જ્યારે એહરામ બાંધીને મક્કા પહોંચી જાય તો જ્યાં સુધી તે પાક ન થઈ જાય ત્યાં સુધી ન તો બૈતુલ્લાહમાં દાખલ થશે અને ન તો તવાફ઼ કરશે, કારણકે જ્યારે આયશા રઝી.ને ઉમરહ દરમિયાન જ માસિક આવી ગયું, તો આપ ﷺએ તેમને કહ્યું: હાજીઓ જે કંઈ કરે તે તમે પણ કરો પરંતુ હા તવાફ઼ ન કરશો, જ્યાં સુધી પાક ન થઈ જાઓ. આ રિવાયત બુખારી અને મુસ્લિમની છે. અને સહીહ બુખારીની રિવાયતમાં છે કે આયશા રઝી. કહે છે કે જ્યારે તેઓ પાક થઈ ગયા પછી બૈતુલ્લાહનો તવાફ઼ અને સઇ કરી. આ રિવાયતથી સાબિત થયું કે કે જો સ્ત્રી માસિકની સ્થિતિમાં હજ અથવા ઉમરહ માટે એહરામ બાંધી લે, અથવા તવાફ઼ પહેલા તેને માસિક આવી જાય તો  તે જ્યાં સુધી પાક ન થઈ જાય અને ગુસલ મ કરી લે  ત્યાં સુધી તવાફ઼ અને સઇ નહિ કરે.

પરંતુ જો તેને તવાફ઼ પાકીની સ્થિતિમાં કર્યું, અને પછી તેને માસિક આવ્યું, તો તે એ જ સ્થિતિમાં પોતાનો ઉમરહ પૂરો કરશે, એ સઇ કરશે, પોતાના વાળ કપાવશે, અને પોતાનો ઉમરહ પૂરો કરશે, જો કે સઇ માટે પાકીની શરત નથી.

**સ: ૫૫: એક સાહેબ સવાલ કરી રહ્યા છે કે હું મારી પત્ની સાથે ઉમરહ કરવા માટે યનબઅ નામની જગ્યાએ થી આવ્યો, હું જિદ્દા પહોંચ્યો તો તેને માસિક આવ્યું, જેથી કરીને મેં એકલા એ જ ઉમરહ કર્યું, હવે તેણીનો હુકમ શુ છે?**

જ: ૫૫: આવી સ્થિતિમાં તમારી પત્ની માટે એ હુકમ છે કે તે પાક થયા સુધી રોકાય રહે, અને પછી પોતાનો ઉમરહ પૂરો કરે. કારણકે ઉમ્મુલ્ મુઅમિનિન સફિયહ રઝી.ને માસિક આવી ગઈ તો આપ ﷺએ કહ્યું, કે શું આ અમને સફર કરવાથી રોકી દેશે, તો લોકોએ કહ્યું કે હે અલ્લાહના રસૂલ તેણીએ તવાફે ઇફાઝા કરી લીધો છે, તો આપ ﷺએ કહ્યું કે તો પછી ચલો સફરની તૈયારી કરો. આપ ﷺનું કહેવું કે "શું અમને સફરથી રોકી દેશે" દલીલ છે કે જો સ્ત્રીને તવાફે ઇફાઝા પહેલા માસિક આવી જાય તો તે ફરજીયાત રોકાઈ રહીશે, અને જ્યારે પામ થઈ જશે, પછી તવાફ કરશે.

અને તવાફે ઉમરહ તે તવાફે ઇફાઝાની જેમ જ છે, કારણકે તે ઉમરહનો રૂકન છે, એટલા માટે જો સ્ત્રી તવાફે ઉમરહ પહેલા માસિક આવી જશે તો તેણીએ પાક થયા સુધી રોકાવવું પડશે અને ત્યારબાદ તે તવાફ કરશે.

**સ: ૫૬: શુ સઇ કરવાની જગ્યા હરમ શરીફનો ભાગ ગણાશે અને શું જે સ્ત્રીને માસિક આવ્યું હોય તે ત્યાં દાખલ થઈ શકે છે? અને સઇ વખતે બે રકઅત તહય્યતુલ્ મસ્જિદ પઢવી જરૂરી છે.**

જ: ૫૬: જાહેરમાં સઇની જે જગ્યા છે તે હરમ શરીફનો ભાગ નથી, એટલા માટે જ તેની અને મસ્જિદની વચ્ચે એક નાનકડી દીવાલ બનાવી દેવામાં આવી છે, અને તેમાં કોઈ શંકા નથી કે તે જગ્યા મસ્જિદથી બહાર હોવામાં જ ભલાઈ છે, જો તેને હરમ શરીફનો ભાગ ગણવામાં આવતો તો પછી જે સ્ત્રીને માસિક આવ્યું હોય તેને તવાફ અને સઇ બન્ને

માટે પાકીની શરત જરૂરી હોત, અને ફતવો આ પ્રમાણે જ આપવામાં આવે છે કે જો સ્ત્રી તવાફ કર્યા પછી અને સઇ પહેલા માસિક આવી જાય તો તે સઇ પુરી કરી લેશે, કારણકે સઇની જગ્યા તે હરમ શરીફનો ભાગ નથી.

અને બે રકઅત નમાઝની વાત તો આ પ્રમાણે છે કે જો કોઈ તવાફ અને સઇ કર્યા પછી હરમમાં ફરી જવા ઈચ્છે તો તેણીએ બે રકઅત નમાઝ પઢવી પડશે, અને ના પણ પઢે તો કોઈ વાંધો નથી પરંતુ જે તક મળી છે તેનો ફાયદો ઉઠાવી નમાઝ પઢવી બેહતર છે.

**સ: ૫૭: એક સ્ત્રી કહે છે કે મેં હજ કર્યું અને હજ દરમિયાન મને માસિક આવી ગયું, શરમના કારણે મેં કોઈને કહ્યું નહિ, હું હરમમાં પણ દાખલ થઈ, નમાઝ પણ પઢી, તવાફ અને સઇ પણ કરી, તો હવે મારે શું કરવું પડશે અને જાણ કરું કે મને આ માસિક નિફાસ પછી આવ્યું હતું?**

જ: ૫૭: કોઈ પણ સ્ત્રી માટે જાઈઝ નથી કે તે માસિક અથવા નિફાસની સ્થિતિમાં નમાઝ પઢે ભલેને તે મક્કામાં હોય કે પોતાના દેશમાં અથવા તો ગમે ત્યાં હોય. કારણકે આપ ﷺનું કહેવું કે શું આ પ્રમાણે નથી કે જ્યારે સ્ત્રીને માસિક આવે છે તો તે ન તો નમાઝ પઢે છે અને ન તો રોઝા રાખે છે? અને સંપૂર્ણ મુસલમાનોનો ઇજમાઅ છે કે માસિકની સ્થિતિમાં રોઝા રાખવા અને નમાઝ પઢવી જાઈઝ નથી.

સવાલ કરનાર સ્ત્રીએ અલ્લાહ સામે તૌબા કરવી જોઈએ અને જે ભૂલ તેણીએ કરી છે તેના માટે ઇસ્તિગફાર કરવું જોઈએ.

જ્યાં સુધી માસિકની સ્થિતિમાં તવાફ કરવાનો મસઅલો છે તો આ તવાફ સહીહ નથી, અને સઇ કરવી તો તે સહીહ ગણવામાં આવશે, કારણકે સાચા મંતવ્ય પ્રમાણે હજમાં તવાફ પહેલા સઇ કરી લેવી જાઈઝ છે, માટે તેણી માટે બીજી વાર તવાફે ઇફાઝા કરવું

જરૂરી છે અને તવાફે ઇફાઝા હજના રૂકન માંથી એક રૂકન છે, અને તેના વગર સંપૂર્ણ હલાલ થવું સાબિત થતું નથી.

એટલા માટે જે સ્ત્રી પરણિત હોય તો તવાફ કરી લીધા સુધી તેનો પતિ તેની સાથે સમાગમ નથી કરી શકતો, અને જો અપરિણીત હોય તો પછી તવાફ પહેલા તેના લગ્ન કરવા જાઈઝ નથી. અલ્લાહ વધુ જાણવાવાળો છે.

**સ: ૫૮: સ્ત્રીને અરફાના દિવસે માસિક આવી જાય તો શું કરે?**

જ: ૫૮: જો સ્ત્રીને અરફાના દિવસે માસિક આવે તો તે અન્ય હાજીઓની જેમ જ પોતાનો હજ પૂરો કરશે, હા ફક્ત બૈતુલ્લાહનો તવાફ પાક થતા સુધી વાર જોવે.

**સ: ૫૯: જો સ્ત્રી જમચે ઉકબાની રમયિ કર્યા પછી અને તવાફે ઇફાઝા કર્યા પહેલા માસિક આવી જાય તો, અને તેનો પતિ કોઈ જૂથ સાથે જોડાયેલો પણ હોય, તો તેણીએ શું કરવું જોઈએ, જાણ આપું કે ફરીવાર સફર કરી મક્કા આવું તેના માટે શક્ય નથી?**

જ: ૫૯: આ પ્રમાણે પરિસ્થિતિ હોય તો તેણે જરૂરતના સમજી પોતાની શરમગાહ પર પટ્ટી બાંધે અને તવાફ કરી લે અને અન્ય હજના કાર્યો પણ પુરા કરી લે, અને આવી પરિસ્થિતિમાં તેના પર કોઈ દંડ ફીદ્યો આપવી જરૂરી નથી.

**સ :૬૦: નિફાસથી પીડિત સ્ત્રી જો ચાળીસ દિવસ પહેલા પાક થઈ જાય તો શું તેના માટે હજ કરવું યોગ્ય ગણાશે? અને જો તે પાકી ન જુએ તો શું કરે? સ્પષ્ટ કરી દઉં કે તેણે હજ માટે નિયત કરી લીધી છે.**

જ: ૬૦: નિફાસથી પીડિત સ્ત્રી જો ચાળીસ દિવસ પહેલા પાક થઈ જાય તો તેણી ગુસલ કરી અને નમાઝ પઢશે,અને તે દરેક કામ કરશે જે, એક પાક સ્ત્રી કરતી હોય છે, અહીં સુધી કે તે તવાફ પણ કરશે, કારણકે નિફાસ માટે ઓછામાં ઓછી કોઈ ગણતરી નથી. આ પ્રમાણેની સ્ત્રી પાકી ન જુવે તો પણ તેનો હજ યોગ્ય ગણાશે, હા પાક થયા સુધી તે બૈતુલ્લાહનો તવાફ નહિ કરે. કારણકે આપ ﷺએ માસિક થી પીડિત સ્ત્રીને તવાફ કરવા પર રોક લગાવી છે, અને નિફાસથી પીડિત સ્ત્રી પણ માસિકથી પીડિતના હુકમમાં ગણાશે

*

# અનુક્રમણિકા

શરૂઆત........................................................................................1

નમાઝ અને રોઝા વિષે હૈઝના આદેશો ........................................................2

સ: ૧: જયારે કોઈ સ્ત્રી ફજર પછી તરત જ પાક થઈ જાય, તો શું તે દિવસે તેને ખાવા પીવાથી રુકી જવું જોઈએ કે તેણી તે દિવસનો રોઝો રાખે, અથવા શું આ દિવસ તેના માટે નહીં હોઈ, અથવા તો શું તેણી તે દિવસના રોઝાની કઝા કરશે?....................................................................2

સ: ૨: જયારે કોઈ સ્ત્રી હૈઝથી પાક થાય, અને તે ફજર પછી ગુસલ કરે, અને નમાઝ પઢે, અને પોતાનો રોઝો પૂરો કરે, તો શું તેને કઝા કરવી પડશે?..........................................................................................3

સ: 3: શું નિફ્રાસ વાળી સ્ત્રીઓ ચાલીસ દિવસ પહેલા પાક થાય તો તેમના માટે રોઝા રાખવા અને નમાઝ પઢવી જરૂરી છે? ....................................3

સ: ૪: જયારે કોઈ સ્ત્રીને હૈઝ મહિનાના આઠ દિવસે અથવા સાત દિવસે આવતું હોઈ, અને તે હૈઝ તેને એક અથવા બે વખત વધુ આવે છે તો તેના માટે શું આદેશ છે?....................................................................4

સ: ૫: શું નિફ્રાસ વાળી સ્ત્રીઓ ચાલીસ દિવસ સુધી નમાઝ પઢવાથી અને રોઝા રાખવાથી રુકી રહેશે, અથવા શું તેના માટે લોહી ન આવવું જરૂરી છે,

તો કયારે તેનો સમયગાળો પૂરો થશે અને પાક થશે અને નમાઝ પઢશે? અને પાક થવા માટેની ઓછામાં ઓછો સમયગાળો કેટલો છે?..................5

સ: ૬: જો કોઈ સ્ત્રી રમજાન મહિનામાં દિવસે લોહીના ટીપાં જુઓ અને આ લોહી રમજાન મહિનામાં રોઝાની સ્થિતિમાં આવતા રહે તો તેના માટે શું આદેશ છે?..........................................................................................5

સ: ૭: હૈઝ અથવા નિફાસ વાળી સ્ત્રી જો ફજર પહેલા પાક થઇ જાય અને તે ફજર પછી ગુસલ કરે, તો શું તેણીનો રોઝો સહીહ ગણાશે?..................6

સ: ૮: સ્ત્રી જયારે લોહી હોવાનો અથવા હૈઝની તકલીફનો આભાસ કરે, અને તેણીને સુર્યાસ્ત સુધી તેને લોહી ન આવે, તો શું તેણીનો રોઝો સહીહ ગમશે અથવા શું તેને કઝા કરવી પડશે?..............................................7

સ: ૯: સ્ત્રી લોહી જુએ, પરંતુ તે કોઈ નક્કી નિર્ણય ના કરી શકે કે તે લોહી હૈઝનું છે કે નહીં, તો તે દિવસનો રોઝાનો શું આદેશ છે?..........................7

સ: ૧૦: કેટલીક વાર સ્ત્રી દિવસના અલગ અલગ સમયે લોહીના સામાન્ય કણો અથવા લોહીના ટીપાં જુએ છે, તો આવું તે હૈઝના દિવસોમાં જુએ છે, જયારે કે અભી હૈઝના દિવસો શરૂ નથી થયા, અને ક્યારેક હૈઝ સિવાયના દિવસોમાં જુએ છે, સવાલ એ છે કે વર્ણવેલ બંને સ્થિતિમાં તેના રોઝાનો આદેશ શું છે?..........................................................................................7

સ: ૧૧: શું હૈઝ અને નિફાસવાળી સ્ત્રી રમજાન મહિનામાં દિવસે ખાઈ- પી શકે છે?..........................................................................................8

સ: ૧૨: હૈઝ અને નિફ઼ાસ વાળી સ્ત્રી જો અસરના સમયે પાક થાય, તો શું તેને અસરની નમાઝ સાથે ઝોહરની નમાઝ પણ પઢવી પડશે, અથવા તો શું ફક્ત અસરની નમાઝ પઢશે?....................................................8

સ: ૧૩: અમુક સ્ત્રીઓનું ગર્ભપાત થઇ જાય છે, તો તેણીના બે પ્રકાર હોઈ છે, અથવા તો ગર્ભપાત ગર્ભની રચના પહેલા થઇ જાય છે, અથવા તો ગર્ભ તેના સંપૂણ સર્જન અને રચના પછી થાય છે, હવે સવાલ એ છે કે જે દિવસે ગર્ભપાત થાય તો તે દિવસે રોઝોનો શું આદેશ છે? અને આ દિવસોમાં રોઝો રાખવાના શું આદેશો છે જેમાં તે લોહી જુએ છે?..............9

સ: ૧૪: ગર્ભવતી સ્ત્રીને જો રમજાનના મહિનામાં લોહી આવે તો શું આ લોહી વડે તેના રોઝા પર કોઈ અસર પડશે?.........................................9

સ: ૧૫: સ્ત્રી હૈઝની આદત પ્રમાણેના દિવસો માંથી એક દિવસ લોહી જુએ, અને તેના બીજા દિવસે સંપૂણ દિવસ લોહી ન આવે, તો તેણીએ શું કરવું જોઈએ? ...........................................................................................10

સ: ૧૬: હૈઝના છેલ્લા દિવસોમાં સ્ત્રીને કોઈ લોહી જોવા નથી મળતું તો શું તે દિવસે તે રોઝો રાખી શકે છે, જયારે કે તેણે હજુ સુધી સફેદ પાણી જોયું નથી? અથવા તેણીએ શું કરવું જોઈએ? ..............................................11

સ: ૧૭: હૈઝ વાળી અને નિફ઼ાસ વાળી સ્ત્રી શું જરૂરત ના સમયે અર્થાત્ જો તે કોઈ વિદ્યાર્થીની હોઈ કે શિક્ષિકા હોઈ તો જોઇને અથવા મોઢેથી કુરઆનની તિલાવત કરી શકે છે? .....................................................11

સ: ૧૮: શું હૈઝ વાળી સ્ત્રી એ કપડાં બદલવા જરૂરી છે? ભલે ને તેમાં લોહી અથવા ગંદકી ના લાગેલી હોઈ? ........................................................ 12

સ: ૧૯: એક સ્ત્રી એ નિફ઼ાસના કારણે રમજાનના સાત રોઝો નથી રાખી શકી, અને બીજો રમજાન આવવા સુધી તેણીએ તે રોઝાની કઝા પણ નથી કરી, અને બીજા રમજાનમાં પણ તેના સાત રોઝા રહી ગયા, કારણકે તે બાળકને દૂધ પીવડાવી રહી હતી, બીમારીના કારણે તેણીએ તે રોઝાની પણ કઝા ના કરી, અને હવે ત્રીજો રમજાન નજીક છે તો તે સ્ત્રીએ શું કરવું જોઈએ? જવાબ આપીને અમને ફ઼ાયદો પહોંચાડો, અલ્લાહ તમને શ્રેષ્ઠ બદલો આપે. ........................................................ 12

સ: ૨૦: અમુક સ્ત્રીઓની સ્થિતિ એવી હોઈ છે કે બીજો રમજાન આવી જાય છે, અને તેઓએ પાછલા છૂટી ગયેલા રોઝાની કઝા પણ નથી કરી હોતી, તો આવી સ્ત્રી માટે શું કરવું વાજિબ છે? ........................................................ 13

સ: ૨૧: જો સ્ત્રી બપોરે, ઉદાહરણ તરીકે એક વાગે સ્ત્રીને હૈઝ આવી જાય, અને હજુ સુધી તેણીએ ઝોહરની નમાઝ નથી પઢી તો, શું તેણે પાક થયા પછી તે નમાઝની કઝા કરવી પડશે? ........................................................ 13

સ: ૨૨: જોઈ કોઈ ગર્ભવતી સ્ત્રી પ્રસુતિના એક અથવા બે દિવસ પહેલા લોહી જુએ, તો તે કારણે તે નમાઝ અને રોઝા છોડી દે શે? ..................... 14

સ: ૨૩: લોકો સાથે રોઝો રાખવાના કારણે હૈઝને રોકવા વાળી ગોળીઓ વાપરવા વિષે તમારો શું મંતવ્ય છે? ........................................................ 14

સ: ૨૪: એક સ્ત્રીને પ્રસુતિના બે મહિના પછી,અને પાક થયા પછી, લોહીના નાના નાના ટીપાં આવવા લાગ્યા, તો શું આ સ્થિતિમાં તે નમાઝ રોઝા છોડી દે શે? અથવા તો તે શું કરશે? ........ 15

સ: ૨૫: અમુક સ્ત્રીઓને લગાતાર લોહી આવતું રહે છે, અને ક્યારેક એવું પણ થાય છે કે એક અથવા બે દિવસ લોહી આવવાનું બંધ થઇ જાય છે, ફરી પાછુ આવવા લાગે છે, આવી સ્થિતિમાં તે લોકો મને નમાઝ, રોઝા અને બીજી ઇબાદતો માટે શું આદેશ છે? ........ 16

સ: ૨૬: સ્ત્રીઓ માટે રમજાનના મહિનાની રાત્રીઓમાં ઘરમાં નમાઝ પઢવી શ્રેષ્ઠ છે કે મસ્જિદમાં? ખાસ કરીને તે સમયે જયારે મસ્જિદમાં બયાન પણ થતા હોઈ, અને તમે મસ્જિદમાં નમાઝ પઢવા વાળી સ્ત્રીઓને તમે શું ભલામણ કરો છે? ........ 16

સ: ૨૭: સ્ત્રી માટે રમજાનના મહિનામાં રોઝાની સ્થિતિમાં ખાવાનું ચાખવા બાબતે શું આદેશ છે? ........ 17

સ: ૨૮: એક સ્ત્રી તેની ગર્ભ્વાસ્તાના શરૂઆતના સમયમાં હતી કે અચાનક તેનું અકસ્માત થઇ જાય છે, અને વધુ પ્રમાણમાં લોહી પડવાના કારણે તેના પેટમાં રહેલી બાળક પણ પડી જાય છે, તો આવી સ્થિતિમાં શું તે રોઝો તોડી દે શે અથવા પૂરો કરશે? અને જો તે રોઝો તોડી નાખે તો તેના પર કોઈ ગુનો થશે? ........ 17

સ: ૨૯: એક સ્ત્રી સવાલ કરે છે કે લગભગ એક વર્ષ પહેલા ત્રીજા મહિનામાં મારું ગર્ભપાત થઇ ગયું હતું, પાક થતા સુધી મેં નમાઝ નથી પઢી, મને કહેવામાં આવ્યું કે મારે નમાઝ પઢવી પડશે, હવે હું શું કરું કેમ કે હું નક્કી દિવસોની ગણતરી પણ નથી જાણતી?................................19

સ: ૩૦: એક સ્ત્રી સવાલ કરે છે કે જ્યારથી તેમના પર રોઝા વાજિબ થયા છે ત્યારથી રમજાનના રોઝા રાખે છે, પરંતુ તે રોઝાની કઝા નથી કરતી જે હૈઝના કારણે છૂટી ગયા છે, અને તે કેટલા છૂટી ગયા છે તે પણ ખબર નથી, એટલા માટે ઈચ્છું છું કે તેણીને તે માર્ગદર્શિકા આપું જે તેમના પર વાજિબ હોઈ.........................................................................................20

સ: ૩૧: એક સ્ત્રી સવાલ કરે છે કે નમાઝના સમયનો સમય થઇ ગયા પછી સ્ત્રીને હૈઝ આવી જાય તો તેના માટે શું હુકમ છે? અને શું પાક થવા પછી તે સ્ત્રી માટે તે નમાઝની કઝા કરવી વાજિબ છે? અને એવી જ રીતે જો તે નમાઝનો સમય પૂરો થયા પહેલા પાક થઇ જાય તો તો તે નમાઝનો શું હુકમ છે?.........21

સ: ૩૨: નમાઝની સ્થિતિમાં મને માસિક આવી ગયું તો મારે શું કરવું જોઈએ? અને શું હું માસિકની સ્થિતિમાં નમાઝ પુરી કરું?.......................22

સ: ૩૩: મારી ઉંમર પાસઠ વર્ષની છે,  ઓગણીસ વર્ષથી તેને કોઈ બાળક નથી, અને હવે તેને ત્રણ વર્ષથી લોહી આવી રહ્યું છે, જો કે એક બીમારી છે, આ સ્થિતિમાં તે મારી પાસે આવી જેથી તેના રોઝા કબૂલ કરવામાં

આવે, તો તમે તેને શુ શિખામણ આપો છો? અને કંઈ રીતે તેને સમજાવી શકો છો.......................................................................................23

સ: ૩૪: નસિંહત અને ખુતબો સાંભળવા માટે હેઝ વાળી સ્ત્રી મસ્જિદે હરામમાં રોકાવવું કેવું છે?..........................................................25

નમાઝ માટે પાકીના કેટલાક હુકમ..........................................................25

સ: ૩૫: સ્ત્રીની શરમગાહથી જે સફેદ અથવા પીળો પદાર્થ નીકળે છે, તે પાક છે કે નાપાક ? અને શું તે સતત નીકળતું રહે તો શું તેના માટે વુઝુ કરવું જરૂરી છે? અને જો સમયાંતરે નીકળતું હોય તો તેનો શું આદેશ છે? ઘણી જાણકાર સ્ત્રીઓ સમજે છે કે આ તો ફિતરી પ્રાકૃતિક વસ્તુ છે,તેના માટે વુઝુ કરવું જાઈઝ નથી?..........................................................26

સ: ૩૬: જે સ્ત્રીની શરમગાહથી આ પદાર્થ સતત નીકળતો હોય અને તે ફર્ઝ નમાઝ માટે વુઝુ કરે તો શું તે બીજી નમાઝનો સમય થતા સુધી તે જ વુઝુથી નફીલ નમાઝ અને કુરઆનની તિલાવત કરી શકે છે? ................28

સ: ૩૭: શું વર્ણવેલ સ્ત્રી માટે ફજરની નમાઝ માટે કરેલ વુઝુથી ચાશતની નમાઝ પઢી શકે છે?..........................................................................28

સ: ૩૮: શુ વર્ણવેલ સ્ત્રી માટે તહજ્જુદની નમાઝ અડધી રાત પછી ઇશાના વુઝુથી પઢી શકાય છે?..................................................................28

સ: ૩૯: ઈશાની નમાઝનો અંતિમ સમય અને તેની ઓળખ માટે શું કરવું જોઈએ? ........................................................................................29

સ: ૪૦: જે સ્ત્રીને વર્ણવેલ પદાર્થ રુકી રુકીને આવી રહી હોય અને વુઝુ કર્યા પછી અને નમાઝ પઢતા પહેલા ફરીવાર તે પદાર્થ જોઈ લે તો શુ કરે? .29

સ: ૪૩: વર્ણવેલ પદાર્થ વિશે આપ ﷺથી કોઈ સાબિત દલીલ નથી મળતી કે તેનાથી વુઝુ તૂટી જશે, તેનું કારણ શું છે? જો કે સહાબિયાત દીની બાબતમાં ફતવો જાણવા માટે ઉત્સુક રહેતા હતા? .........................30

સ: ૪૪: જે સ્ત્રી વર્ણવેલ મસઅલો નથી જાણતી તો તે ઓ હુકમ હવે શું રહેશે? ........................................................................................30

સ: ૪૫: કેટલાક લોકો તમારી તરફ આ વાત નિસબત આપી કહે છે કે વર્ણવેલ પદાર્થથી વુઝુ તૂટતું નથી?..................................................30

સ: ૪૬: સ્ત્રીના માસિક દિવસો પહેલા એક ગંદોપદાર્થ નીકળે છે, તેનો હુકમ શુ છે તે પદાર્થ ક્યારેક કાળા દોરાના ટુકડા માફક હોય છે તો ક્યારેક લાલ હોય છે, અને જો આ પાણી હેઝ પછી આવે તો શું હુકમ છે?..................30

હજ અને ઉમરહમાં હેઝના મસાઈલ..........................................................31

સ: ૪૭: હેઝ વાળી સ્ત્રી એહરામ માટે બે રકઅત કઈ રીતે પઢે અને શું તેણી માટે ધીમે ધીમે કુરઆન મજીદ પઢવું જાઈઝ છે કે નહીં? .............31

સ: ૪૮: એક સ્ત્રીએ હજ માટે સફર કર્યો અને હજના પાંચમા દિવસે તેને માસિક આવી ગયું, મિકાતે પહોંચી તેણે સ્નાન કર્યું અને એહરામ બાંધ્યું, જો કે હજુ તે પાક નહતી થઈ, મક્કા પહોંચી પરંતુ તે મક્કાની બહાર રહી, તેણીએ હજ અને ઉમરહનું કોઈ કાર્ય નથી કર્યું, બે દિવસ તેણે મિનામાં પણ પસાર કર્યા અને પછી પાક થઈ ગઈ સ્નાન કર્યું અને પાકીની સ્થિતિમાં તેણે ઉમરહના દરેક કાર્યો અદા કર્યા, પછી જ્યારે તે હજ માટે તવાફે ઇફાઝા કરતી હતી તે સમયે તેને ફરી વાર લોહી આવ્યું, પરંતુ તેણે શરમના કારણે કોઈને જણાવ્યું નહિ, અને તે જ સ્થિતિમાં હજના દરેક કાર્યો પુરા કર્યા, પછી વતન પહોંચ્યા પછી તેણીએ તેના જવાબદારને જાણ કરી હવે તેનો હુકમ શુ છે?......32

સ: ૪૯: એક સ્ત્રીએ અહેરામ બાંધ્યું અને મક્કા પહોંચીને તેને માસિક આવી ગયું, અને તેનો જે મહરિમ છે, તેને તરતજ સફર કરવો છે, અને મક્કામા તેનો કોઈ સંબંધી પણ નથી તો હવે તે હું કરે?......33

સ: ૫૦: જે સ્ત્રીને હજના દિવસોમાં માસિક આવી જાય, તેનો હુકમ શુ છે અને શું તે હજ તેના માટે પૂરતો થઈ જશે?......33

સ: ૫૧: એક સ્ત્રી કહે છે કે એક તેણીએ ગયા વર્ષે હજ કર્યું અને હજના દરેક કાર્યો અદા પણ કર્યા, જો કે શરઇ કારણના લીધે તેણી પોતાનું તવાફે ઇફાઝા અને તવાફે વદાઅ ન કરી શકી, અને પછી તેણીએ વિચાર કર્યો કે હું મદીના પાછી આવી જવું છું અને પછી  ગમે ત્યારે મક્કા જઈ તવાફે

ઇફ઼ાઝા અને તવાફ઼ે વદાઅ કરી લઈશ, દીની મસઅલાથી અજાણતાના કારણે હું દરેક વસ્તુથી હલાલ પણ થઈ ગઈ, અને અહેરામમાં જેટલી વસ્તુ હરામ હોય છે તે પણ કરી લીધી, પછી મારું મક્કા આવીને તવાફ કરવાનો વિચાર જણાવ્યો તો મને કહેવામાં આવ્યું કે તમારો તવાફ સહીહ નથી, કારણકે તમે પોતાનું હજ ખરાબ કરી લીધું છે, અને ફરીવાર હજ કરવું પડશે, સાથે સાથે એક ગાય કે ઊંટણી પણ ફિદયામાં આપવું પડશે, સવાલ એ છે કે શું આ વાત સાચી છે,અને શુ મારી પરિસ્થિતિનો બીજો કોઈ ઉકેલ છે, અને શું મારો હજ ખરેખર ખરાબ થઈ ગયો અને મારે ફરીવાર કરવો જરૂરી છે, હવે મારે શું કરવું પડશે, માર્ગદર્શન આપો, અલ્લાહ તમને બરકત આપે. ........................................................ 34

સ: ૫૨: નિફ઼ાસવાળી સ્ત્રીએ તરવીયહના દિવસે (અર્થાત ઝીલ હિજ્જહની ૮ તારીખે) લોહી શરૂ થયું અને તેણે તવાફ અને સઇ વગર દરેક કામ કરી લીધા હોય તો પરંતુ દસ દિવસમાં જ તેને ખબર પડી કે તે શરૂઆતના દિવસોમાં જ પાક થઈ ગઈ છે, તો શું તે પોતાને પાક સમજી ગુસલ કરે અને તેના બાકીના કાર્યો તવાફ઼ે ઇફ઼ાઝા કરે? ........................................ 35

સ: ૫૩: એક સ્ત્રીએ સેલ નામની જગ્યા પરથી હજ માટે એહરામ બાંધ્યું, પરંતુ મક્કા પહોંચ્યા પછી તેણી જરૂરત માટે જીદ્દહ શહેર જતી રહી, અને ત્યાં પાક થઈ ગઈ, ગુસલ કર્યું, વાળમાં કાંસકો કર્યો, અને પછી તેણીએ હજ કર્યું તો શું તેના માટે આ હજ સહીહ ગણાશે, અને તેના પર કોઈ વસ્તુ જરૂરી છે? ........................................................................................ 36

સ: ૫૪: એક સ્ત્રી સવાલ કરી રહી છે કે હું ઉમરહ કરવા જઈ રહી હતી, મિકાતે થી પસાર થઈ તો હું હેઝથી હતી, એટલા માટે એહરામ ન બાંધ્યું, પાક થયા સુધી મક્કામાં જ રોકાય રહી હતી, મક્કામાં જ એહરામ બાંધ્યું તો શું આ જાઈઝ છે ? અને મારા પર શુ વાજીબ છે?............................36

સ: ૫૫: એક સાહેબ સવાલ કરી રહ્યા છે કે હું મારી પત્ની સાથે ઉમરહ કરવા માટે યનબઅ નામની જગ્યાએ થી આવ્યો, હું જિદ્દા પહોંચ્યો તો તેને માસિક આવ્યું, જેથી કરીને મેં એકલા એ જ ઉમરહ કર્યું, હવે તેણીનો હુકમ શુ છે? ..........................................................................................38

સ: ૫૬: શુ સઇ કરવાની જગ્યા હરમ શરીફનો ભાગ ગણાશે અને શું જે સ્ત્રીને માસિક આવ્યું હોય તે ત્યાં દાખલ થઈ શકે છે? અને સઇ વખતે બે રકઅત તહય્યતુલ્ મસ્જિદ પઢવી જરૂરી છે. ..........................................38

સ: ૫૭: એક સ્ત્રી કહે છે કે મેં હજ કર્યું અને હજ દરમિયાન મને માસિક આવી ગયું, શરમના કારણે મેં કોઈને કહ્યું નહિ, હું હરમમાં પણ દાખલ થઈ, નમાઝ પણ પઢી, તવાફ અને સઇ પણ કરી, તો હવે મારે શું કરવું પડશે અને જાણ કરું કે મને આ માસિક નિફાસ પછી આવ્યું હતું?............39

સ: ૫૮: સ્ત્રીને અરફાના દિવસે માસિક આવી જાય તો શું કરે? ................40

સ: ૫૯: જો સ્ત્રી જમયે ઉકબાની રમયિ કર્યા પછી અને તવાફે ઇફાઝા કર્યા પહેલા માસિક આવી જાય તો, અને તેનો પતિ કોઈ જૂથ સાથે જોડાયેલો

પણ હોય, તો તેણીએ શું કરવું જોઈએ, જાણ આપું કે ફરીવાર સફર કરી મક્કા આવું તેના માટે શક્ય નથી?......................................................40

સ :૬૦: નિફ઼ાસથી પીડિત સ્ત્રી જો ચાળીસ દિવસ પહેલા પાક થઈ જાય તો શું તેના માટે હજ કરવું યોગ્ય ગણાશે? અને જો તે પાકી ન જુએ તો શું કરે? સ્પષ્ટ કરી દઉં કે તેણે હજ માટે નિયત કરી લીધી છે......................40

અનુક્રમણિકા..........................................................................................42

ISLAMHOUSE.COM